Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું. ] આશ્વિન સંવત ૧૯૭૬. વીર સંવત–૨૪૪૬. [ અંક ૭ મો.

## सुमति–कथन.

( રાગ–સારંગ )

માઇ મેરો કંથ કુપંથ વિહારી, (૨)
નિજ નારીસેં પ્રીત ન જોરત, પરકે સંગ વિહારી. માઇ મેરો૦ ૧
સુંદર સરસી ઘરકી નારી, તજ કર ખેલત જારી;
મોહ મહા મદમેં નિત રાચત, મુજકું કદી ન નિહારી. માઇ મેરો૦ ૨
શિક્ષા મ્હારી કબુહી ન સુનત, આપકે આપ વિચારી;
વિયોગ કૈસે સહન કરૂં મેં, સુણે ન ખિજમતદારી. માઇ મેરો૦ ૩
પિયા પીડ હૃદય નવી ધારત, પીવત ગંદકી વારી;
ચૌગતિ ચોગાનમેં ફિરતે, અહોનિશ ભઇ ખુવારી. માઇ મેરો૦ ૪
નાથ ન ઐસે કાજ કરો કહું, આપકું નિત્ય પુકારી;
નિજાનંદ વિનોદ વિલાસે, પ્રગટત જ્ઞાન ખુમારી. માઇ મેરો૦ ૫

## आत्म–उपदेश.

( રાગ–બીભાસ )

સુણ રે ભલા ભાવ થકી જિનંદ વચન પ્યારે. (૨)
કાલ બહુતહી ગુમાએ, અબ કાંઇ વિચારે;
ગુણ ધામ અજીતનાથ, હૃદયમાંહી ધારે. સુણ રે૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિસરામ કૈસે મિલે, અજ્ઞ પથ વિહારે;
અબ તો પ્રસંગ પાયે, મોહકું વીડારે. સુણ રે૦ ૨
વિપત જંગકું જલાવી, શુદ્ધ પંથકું નિહાળી;
નિર્વિકલ્પ ભાવસેં, સમાધિ રૂડી ધારે. સુણ રે૦ ૩
યોગી જ્યું સુધ્યાન લીન, એકતા અનૂપ કીન;
ઘટકે દ્વારસું છ માસે, દેખલે ધ્રૂ તારે. સુણ રે૦ ૪
વિરલા વિજ્ઞાન રમે, ઔરા એ કયું ન ગમે;
વાજે અમર મધુર તૂર, ઇષ્ટ તાનમાં રે. સુણ રે૦ ૫

અમૃતલાલ માવજી શાહ.

# નિર્મળ જીવન.

( હરિગીત )

૧

ઓ જૈન બન્ધુ ! ઉરથકી, કુસંપ કલેશો પરહરો,
મદ ક્રોધ ને આળસ ગણો, સહુ દુઃખ દુર્ગુણનો ઝરો;
વાણી અસત્યજ ત્યાગીને, પ્રભુભક્તિમાં લીન થઇ રહો,
સખા ! સદ્દગુણો અન્તર ધરી, આનન્દમય જીવન કરો.

૨

શાન્તિ, ક્ષમા ને સત્યતા, વિનય વિવેક ન વિસરો,
પ્રિય સાથ સર્વ કુટુમ્બનું, આનન્દથી રંજન કરો;
નિજ ધર્મ ઉર ધારી રહી, મહાવીરતામાં દૃઢ બનો,
સખા ! સદ્દગુણો અન્તર ધરી, આનન્દમય જીવન કરો.

૩

સુખરૂપ શુભ જીવન કરી, સૌ દેશબન્ધુ સુખી કરી,
મનુજાતિનું કલ્યાણ કરી, આશીષ લેજો દેશની;
દૃષ્ટાન્તમય જીવન કરીને, અમર કીર્તિ મેળવો,
સખા ! સદ્દગુણો અંતર ધરીને, પ્રેમમય જીવન કરો.

ગુલાબચંદ મૂળચંદ બાવિશી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विविध विहार.

Virtue is like precious odours, most fragrant, when they are incensed or crushed; for prosperity doth best discover vice; but adversity doth best discover virtue.

BACON.

સદ્‌ગુણુ અમૂલ્ય સુગંધી પદાર્થ જેવા છે, જ્યારે તેમને સળગાવવામાં કે દબાવવામાં આવે છે, ત્યારે તેઓ વધારે સૌરભ આપે છે; એજ પ્રમાણે સંપત્તિ સારી રીતે દુર્ગુણુ પ્રકટ કરે છે, પણુ સદ્‌ગુણુને તો સારી રીતે વિપત્તિ પ્રકટ કરે છે.

Let men of all ranks whether they are successful or not, whether they triumph or not—let them do their duty and rest satisfied.

ઉત્તિર્ણ થવાય કે ન થવાય, પરન્તુ સઘળી સ્થિતિના મનુષ્યોએ, સ્વ કર્તવ્ય સાધી સંતુષ્ટ રહેવું જોઈએ.

જીવવું અને મરવું તે તો સનાતન સૂત્ર છે; અને તે મુજબ થયાજ કરે છે, પરન્તુ જે શુભ અને અશુભ મનુષ્ય આચરે છે, તે ચિરકાળપર્યન્ત પાછળ જાગત રહે છે, મનુષ્યદેહની સાથે ક્ષય પામતું નથી.

ગુલાબચંદ મૂળચંદ બારિશી.

## पर्यूषणादिक पवित्र पर्व प्रसंगे भारे तपस्यादिक करी न शकाय तोपण जाणो तेटलुं विवेकथी आचरो अने वारो तेवुं पाळो.

( લેખક—સદ્‌ગુ૦ કર્પૂરવિજયજી. )

૧ વ્હાલા બંધુઓ અને બ્હેનો ! આપણે જાણીએ તેટલું આદરવા અને બોલીએ તેટલું પાળવા સાવધ બનીએ તો સ્વપર હિતમાં કેટલો બધો વધારો થવા પામે ?

૨ ડહાપણભરી દયાથી સહુને આપણા આત્મસમાન લેખવા; સર્વ સાથે પરમ મૈત્રી ભાવ રાખવો, સદ્‌ગુણી પ્રત્યે પ્રમોદ ભાવ—પ્રસન્નતા રાખવી; દુઃખી જનો પ્રત્યે કરૂણાભાવ, અનુકંપાબુદ્ધિ ધારવી, અને દુષ્ટ—દુર્બુદ્ધિ—પાપી નિંદક પ્રત્યે પણ રાગ દ્વેષ નહિ કરતાં ઉદાસિન ભાવ ધરી, અંતરથી સહુ કોઈનું એકાન્ત હિત ઇચ્છવુ અને બને તેટલું સ્વપર હિત કરવું, એવો અહિંસકભાવહૃદયમાં જાગ્રત રાખવા ના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયામાં કેટલી બધી શાન્તિ પ્રગટે? અને અશાન્તિ વૈર વિરોધાદિક દૂર ટળે? સહુને આવી સદ્બુદ્ધિથી કેટલો બધો ફાયદો થાય?

૩ ગમે તેવો આકરો શસ્ત્રાદિકનો ઘા પણ યોગ્ય ઉપાય વડે રૂઝાય છે, પરંતુ વચન રૂપ ઘા તો કેમે રૂઝાતો નથી અને તે મરણ પર્યંત સાલે છે. એમ નિશ્ચય-પૂર્વક સમજી સામાને પ્રિય લાગે અને હિત રૂપ થાય એવુંજ સમયોચિત ભાષણ કરવાની ટેવ પાડવાથી કેટલો બધો ફાયદો થવા પામે? અને અનર્થ ઉપાધિ થતી અટકે? વળી સુલેહ-શાન્તિ પણ સચવાય.

૪ ચોરીનો માલ શીંકે ચડે નહીં, ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂવે, પાપીનું-ાન પરલે (પ્રલય) થાય, વિગેરે વિગેરે રૂડાં શિક્ષા વચનો અંતરથી સાચા સમજાતાં સમજાયાં હોય તો અનીતિ-અન્યાય-અપ્રમાણિકતાને ત્યજી, નીતિ-ન્યાય-પ્રમા-ણતા આદરતાં શી વાર લાગે? અને એવા ચોખ્ખા વ્યવહારથી સહુ કોઇ કેટલાં ાં સુખી થઇ શકે?

૫ આપણી માતા બ્હેન દીકરી સાથે ખોટો વ્યવહાર રાખનાર અન્ય પ્રત્યે ... કેટલો બધો તિરસ્કાર છુટે છે? તે જ રીતે પરાઇ માતા બ્હેન દીકરી કે સ્ત્રી સાથે ખોટું કામ કરનાર હીનાચારી વ્યભિચારી પ્રત્યે પણ પરને તેવોજ તિરસ્કાર એમાં આશ્ચર્ય શું? પવિત્ર મન વચન કાયાથી સુશીલ રહેવાથી સ્વપરને (સમા-) કેટલો બધો ફાયદો થાય? તે વિચારી દરેક વિચારશીલ ભાઇ બ્હેને સ્વજીવન ત્ર બનાવવા પૂરતું લક્ષ રાખવુંજ જોઇએ.

૬ જો 'લોભ સમાન દુઃખ નથી, અને સંતોષ સમાન સુખ નથી' એ સાચું સ-ાતું હોય તો ખોટો બેહદ લોભ ત્યજી સાચો સંતોષ સેવવો જોઇએ, ઇન્દ્રીયજીત ્રું જોઇએ અને ખોટી લાલચો છોડવી જોઇએ, જેથી ખરૂં સુખ સહેજે પ્રાપ્ત થાય.

૭ નકામી વાતો કરવા માત્રથી કશું વળવાનું નથી, રૂડી રહેણી-કરણી કર-જ કલ્યાણ થવાનું છે.

૮ માત્ર વાતો કરવી મીઠી લાગે છે, પરંતુ તેવી રહેણી કરણી કડવી ઝેર જેવી છે.

૯ જ્યારે રહેણી કરણી મીઠી લાગશે ત્યારે જ ખરૂં કલ્યાણ થઇ શકશે.

ઇતિશમ્.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आपणी समाजमां अरस्परस सहानुभूति दाखववानी अनिवार्य जरुर.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

આનંદનો વિષય છે કે જૈન સમાજમાં પરાપૂર્વથી સાહમ્મીવચ્છલ–સાધર્મીજનો પ્રત્યે વાત્સલ્ય–ભક્તિ કરવાની રીતિ ચાલી આવે છે. કાળક્રમથી જો કે તેની અસલ રીતિ–નીતિમાં મોટો તફાવત પડેલો જણાય છે, તો પણ અદ્યાપિ તે પ્રથા ચાલુ રહેલી છે. સમય–સ્થિતિ જોઇ વિચારી ચાલનારા સુજ્ઞ ભાઈ બ્હેનો તેનો યથાયોગ્ય લાભ લઈ શકે એમ છે. આપણામાં અત્યારે મોટામાં મોટી ભૂલ એ જોવામાં આવે છે કે આપણે કંઇ સારૂં જાણ્યું–સાંભળ્યું તો તે ગુણ–પ્રમાણમાં સારામાં સારો કરવાની કાળજી રાખવાને બદલે સંખ્યા–પ્રમાણમાં વધારેમાં વધારે કરવા ઇચ્છા રાખીએ છીએ અને એના પરિણામે આપણે આપણા કાર્ય–કર્ત્તવ્યનો મૂળ આશય લગભગ વિસરી જઇએ છીએ અથવા એ તરફ દુર્લક્ષ કરીએ છીએ. સંખ્યા–પ્રમાણમાં નાની છતાં ગુણમાં મોટું ( સાચા હીરા–રત્ન–મોતી જેવું ) અણમોલું કામ કરવાને બદલે કેવળ સંખ્યા–પ્રમાણમાં મોટું કામ કરવા જતાં તે પ્રાયે અસાર–સાર સત્ત્વ રહિત નીરસ બની જાય છે. તેમ થવા ન પામે એટલા માટે દરેક કર્ત્તવ્ય કર્મ કરતાં યથાયોગ્ય વિવેક આદરવાની ખાસ જરૂર છે. ગુણમાં વધારે સારો કરવાની ઇચ્છા–સ્પર્ધા પસંદ કરવા જેવી છે, પણ સંખ્યા–પ્રમાણમાંજ વધારે આડંબર ભર્યો ડોળ કરવા જતાં તો નિર્દિષ્ટ ( કરવા ધારેલા ) કર્ત્તવ્ય કર્મની ખરી મજા–લહેજત–ખુબીનો લગભગ લોપ થઇ જાય છે. બહુધા અત્યારે જે યાત્રા, પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, પૌષધાદિક સામાન્ય ક્રિયાઓ પ્રવર્તે છે તેમાં એવુંજ દ્રષ્ટિગત થાય છે. યથાર્થ વિધિના જાણ અને અંતરલક્ષ ( ઉપયોગ ) સહિત યથાવિધિ યથાયોગ્ય કર્ત્તવ્યને જાતે કરનારા તેમજ અન્ય યોગ્ય જનોને તે શાસ્ત્રોકત આચારને ઉપદેશનારા બહુજ વિરલા જણાય છે. બહુ મોટો ભાગ ગતાનુગતિકપણે ચાલનારો અને તેની પુષ્ટિ કરનારો લાગે છે, એટલે વર્તમાન શાસનવર્તી સંઘ–સમાજની સ્થિતિ સંતોષકારક નથી. તેને સુધારવા થોડા પણ સમર્થ શાસનરસિકો ખરા જીગરથી એકતા સાંધી પ્રયત્ન કરે તો તે કદાચ કંઇક સુધરવા આશા રહે, પરંતુ તેવો શ્રેષ્ઠ સ્વપર એકાન્ત હિતકર પ્રયત્ન કરવાનું અત્યારે બાજુએ રાખી કેવળ અણછાજતી રીતે એક બીજા ઉપર અંગત આક્ષેપાદિક કરી વ્યર્થ સ્વવીર્યાદિકનો ક્ષય કરવામાં આવે છે, જેથી અનેક ભવ્ય જનોનાં મન દુભાય છે. કઇકને મતિભ્રમ થાય છે. મુગ્ધ જનોમાં તેમજ પંડિત જનોમાં હાંસી પાત્ર તથા ટીકાપાત્ર થવાય છે. સંઘશક્તિનો હ્રાસ થતો જાય છે, અને આ બુદ્ધિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાનામાં તત્ત્વજિજ્ઞાસુઓને યથાર્થ રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રણીત તત્ત્વ
ુદ્ધ તત્ત્વરસિક અને શાસન રસિક બનાવવાની અમૂલ્ય તક ગુમાવાય છે.
ાયક ભયંકર સ્થિતિ કોઇ રીતે પસંદ કરવા જેવી છે ? નથીજ. તો પછી
ા રહિત કેમ ચાલવા દેવામાં આવે છે અથવા તે તરફ કેમ ઉપેક્ષા કરવા-
છે ! જેમને જૈન સમાજની તેમજ શાસનની કંઇ પણ સેવા કરવા ઇચ્છાજ
આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો તથા પંન્યાસાદિક સાધુઓ તેમજ સાધ્વી-
વિશાળ કર્તવ્ય ક્ષેત્ર રહેલું છે. પૂર્વે થયેલા પરમ પ્રભાવશાળી નિર્મળ ચા-
ા સદ્‌ગુણાનુરાગી અને પવિત્ર શાસનરસિક ભાવ આચાર્યાદિકોએ કેવી
ી ખંતભરી લાગણીથી ધીરજ અને એકતા સાંધીને શાસનસેવા અને સંઘ-
વા બજાવી હતી તેનું બારિકતાથી અવલોકન કરી હંસની પેરે સાર-તત્ત્વ
ા અર્થી સાધુઓએ આ સમાજની ચાલુ દુઃખજનક સ્થિતિ સુધારવા
ઉન્નત બનાવી પવિત્ર શાસન સેવાનો લાભ લેવા કેવો માર્ગ લેવો જોઇએ તે
ંએ વિચારવું જોઇએ અને તુચ્છ અંગત સ્વાર્થ તજી એકતા સાધી ખંત
જ ધરી નિર્ણીત માર્ગે સવેળા પ્રયાણ કરવું જોઇએ. કષાયની પણ ચોક-
ાવાથી જેમને ચારિત્ર પ્રાપ્ત થાય છે એવા સાધુઓ કરતાં ભારે મોટો દર-
વનારા આચાર્યાદિકોએ કાર્યવિઘાતક માનને તજી, જ્યાં મતભેદ હોય ત્યાં
ધર્મચર્ચા વડે સમાધાન કરી લઇ, આપસઆપસમાં એકતા સાધી
ન્નતિસાધક પવિત્ર શાસનની સેવા નિઃસ્વાર્થપણે કરીને સ્વ સ્વ ઉચ્ચ પદવી
કરી લેવી જોઇએ. અન્ય અનેક સમાજો કરતાં આપણી જૈનસમાજ અત્યારે
ાવણી વિગેરે ઉન્નતિસાધક વિષયોમાં બહુજ પાછળ પડી ગયેલી છે, તેનો
ઉદ્ધાર કરવા કેડ કસવી જોઇએ. તેમાં બીજા સહૃદય સેવારસિક સાધુ-
તથા શ્રાવક શ્રાવિકાઓએ અનુમોદન પૂર્વક બનતી પુષ્ટિ આપવી જોઇએ,
ગજ રાખી, પ્રસંગ મેળવી, સાથે મળી એક બીજાઓએ વિચારની આપ લે
ક બીજાના આશયની ઉદારતા જાણી બુજી પ્રથમ તામસ વૃત્તિથી બાંધેલા
ચારો વિસારી મૂકી શુદ્ધ નિષ્ટાથી સ્વકચિત કાર્ય કરવા લાગી જવું જોઇએ,
ક કરવાથી દિન પ્રતિદિન ઉચ્છૃંખલતા વધવાનો અને સમાજની સ્થિતિ
ાડી થવાનો ભય રહેછે, કેમકે સમાજનો મોટો ભાગ અભણ-અણકેળવા-
ાને જો એક સંપીથી ( એકમતે ) સાચો ઉન્નતિનો માર્ગ ઉપદેશક સાધુઓ
ાતાવવામાં આવે તોજ તે તેવા સાચા માર્ગે સહેજે વળી શકે, અન્યથા
ા જુદા જુદા ઉપદેશક સાધુઓ તરફથી જુદો જુદો મનઃકલ્પિત માર્ગ સૂચ-
ને મતિભ્રમ થાય અથવા તો તેઓ મનગમતોજ માર્ગ આદરી બેસે. વળી
આંતરિક સ્થિતિ સુધારવા અનેક હાનિકારક રીવાજો નાબુદ કરવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ ઉપદેશક સાધુ મંડળીએ એક મતે જોશભરી ભાષામાં સમાજના નેતાઓના દીલ ઉપર સચોટ ઠસાવવાની જરૂર છે.

અત્યારે સમાજની આંતર સ્થિતિ સુધારવા ઉપદેશક સાધુ સાધ્વીઓ તથા શ્રાવક શ્રાવિકાઓએ ખુબ જાગ્રત થવાની જરૂર છે. એમ કરવાથી કેટલોએક અંતરનો બીગાડો દૂર થઇ જવા સંભવ છે. જ્યાં સુધી સમાજમાંનો સડો દૂર ન થાય, તે દૂર કરવા તનતોડ પ્રયત્ન પણ ન થાય ત્યાં સુધી ગમે તેવી સારી બુદ્ધિથી ધર્મની પ્રભાવના નિમિત્તે કાંઇક ઉપદેશકોની પ્રેરણાથી કે શ્રાવકોની પોતાની તેવી ઇચ્છાથી થતાં ઓછવ મહોચ્છવ કે સંઘ જમણાદિકથી ધારેલો લાભ મળવો મુશ્કેલ છે. અંતરનું શલ્ય કાઢ્યા વગર ઉપરનો ઉપચાર શા કામનો ? તેથીજ દીર્ઘદ્રષ્ટિ સુબુદ્ધિવંતો અંતરના શલ્યનો જેમ બને તેમ જલ્દી ઉદ્ધાર કરવાનું પસંદ કરે છે, ઉપદેશ પણ તેનોજ કરે છે અને તેની સિદ્ધિ માટે પોતાનાથી બનતું બધું કરે છે. જો સઘળા ઉપદેશકો એક સંપીથી ( એક મત કરીને ) સમાજની અંદરનો સડો દૂર કરવા દ્રઢ નિશ્ચય કરીને સર્વ સ્થળે તનતોડ પ્રયત્ન કરે, સદુપદેશ એક સરખો આપે, તે નેતાઓના દીલ ઉપર બરાબર ઠસાવે અને તેનો યથાર્થ અમલ કરવા ખુબ જોરશોરથી કહેતા રહે તો સંભવ છે કે સમાજની અંદરનો સડો ઘણે ભાગે દૂર થવા પામે, જેથી સમાજ સારી સ્થિતિમાં આવી શકે. આમ બનવું અશકય નથી. ફકત તથાપ્રકારની તીવ્ર લાગણીની જરૂર છે. સદુપદેશક સાધુઓની પેરે સદુપદેશ આપી શ્રોતા ઉપર સારી છાપ પાડી શકે એવી ઉત્તમ સાધ્વીઓ જો આ વાત બરાબર લક્ષ ઉપર લહી કમર કસી આ દિશામાં બનતો પ્રયત્ન કરે, સામાયિક પ્રતિક્રમણાદિક પ્રસંગે એકઠી થતી અનેક શ્રાવિકાઓને તેમના ખરા કર્તવ્યનું ભાન કરાવે અને તેમનાથી થતી અનેક પ્રકારની ભૂલો સુધારી લેવાની વારંવાર શિખામણ આપી તે પ્રમાણે વર્તવાથી થતા અનેક ફાયદાઓ શાન્તિથી સમજાવે, નકામી વાતો કે કુથલીઓ કરવાનું કે તેમાં ભળવાનું તજી કેવળ હિતનીજ વાતો કરી તેમનું વર્તન સુધારવા જોઇએ તેટલો પ્રયાસ નિઃસ્વાર્થપણે આદરે તો તેની અસર ઘણી જલ્દી થાય અને ધારેલું ફળ ધાર્યા કરતાં વ્હેલું અને સારૂં મળી શકે. ઘણે ભાગે અત્યારે પ્રવર્તતી સાધ્વીઓમાં આવી શાસન સેવા કે સમાજ હિત ( સંઘ સેવા ) કરવાની લાગણી બહુ ઓછી લાગે છે. અરે ! ઉપદેશક સાધુ વર્ગમાં પણ આવી લાગણી ભાગ્યેજ જણાય છે, તો પછી સાધ્વીઓનું તો કહેવુંજ શું ? પરંતુ એ સ્થિતિ કહો કે આવી ઉપેક્ષાબુદ્ધિ ઉપદેશક સાધુ સાધ્વીઓએ અવશ્ય સુધારવાની જરૂર છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનો ઠીક વિચાર કરી યથાયોગ્ય ઉપદેશ દેવાની પોતાની ફરજ જરૂર સમજવી જોઇએ. તે વગર દીધેલો ઉપદેશ શા કામનો ? ઉત્તમ ધન્વંતરી વૈદ્યની પેરે સમાજનો રોગ બરાબર કળી કેવળ નિઃસ્વાર્થપણે તેનો યોગ્ય ઉપચાર કરવા તનમનથી પ્રયત્ન કરવામાં આવે તો તેથી ઇષ્ટ લાભ થયા વગર કેમજ રહે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એથીજ સમાજનું એકાન્ત હિત કરવા ઇચ્છનારા સમર્થ સદુપદેશકોને ઉપરોક્ત દિશામાં સદુપદેશનો પ્રવાહ વહેવડાવવા નમ્ર વિનંતિ કરવામાં આવે છે, જે તેઓ સાર્થક કરશે એમ ઇચ્છશું. સાથે સાથે ખરા દીલસોજ શ્રોતા જનોને પણ જણાવશું કે તેમણે પણ સદુપદેશક સાધુજનોનો હિતોપદેશ હૈયે ધરી તેની સફળતા કરવા પાછી પાની કરવી નહીં. પોતાની ભૂલ વગર વિલંબે સુધારી પોતાના સ્વધર્મી ભાઈ બ્હેનોને પણ ભાર દઈને તેવીજ ભલામણ કરવી, જેથી ધારેલું કાર્ય સરલતાથી ( નિર્વિઘ્ને ) થઇ શકે. તરતમાં કેવા કેવા પ્રકારના સુધારા સમાજમાં દાખલ કરવાની જરૂર છે તેનું વિગતવાર લીસ્ટ અનુભવી મહાશયો સમાજનું હિત હૈયે ધરી જણાવશે એમ ઇચ્છશું; પરંતુ હાલ તો એક દિશામાત્ર જે જે વાતની સ્ફુરણા થઇ તે અત્ર નિવેદન કરૂં છું. સંઘ-સમાજનું હિત હૈયે ધરનાર, જૈનશાસનમાં રૂચિવાળા દરેક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાએ તન મન વચનથી કાળમુખા કુસંપને કાપવા અને સુસંપ સ્થાપવા, વ્યવહારિક નૈતિક અને ધાર્મિક કેળવણીનો જેમ બને તેમ અધિક પ્રચાર કરવા, તેને વ્યવહાર ઉપયોગી બનાવવા, સ્ત્રી કેળવણી તરફ અધિક લક્ષ્ય આપવા, એટલે તે એક માતા અને સતી સાધ્વી સુધીની પોતાની ફરજ બરાબર સમજી તેનો યથા અવસર યથાયોગ્ય અમલ કરે એવી કેળવણી ક્રમસર આપવા, દરેક વિદ્યાર્થીનું ચારિત્ર ( વર્તન ) ઉંચા પ્રકારનું ઘડાય તેવી ઉદાર દ્રષ્ટિથી ગોઠવણ કરવા, દરેકમાં મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવના ખીલી નીકળે, દરેક સ્વ કર્તવ્ય યથાર્થ સમજી પૂર્ણ શ્રદ્ધાથી સ્વકર્તવ્ય બને તેવું-વીર્ય પ્રત્યેક ભાઇ બ્હેનમાં પ્રેરવા મુગ્ધ-અજ્ઞાન ભાઇ બ્હેનોમાં જે જે શંકા કંખા વ્હેમ મિથ્યાત્વ કષાયાદિક દોષ હોય તે પોતાના શુદ્ધ ચારિત્ર-વર્તનની છાપ પાડી સમજાવી દૂર કરવા, બાળલગ્ન-કન્યાવિક્રય-વરવિક્રય-વૃદ્ધ વિવાહ તથા કજોડાદિક કરવાની કુરૂઢિથી પોતાનાં સંતાનોની પાયમાલી કરતા સ્વાર્થલુબ્ધ માબાપોને સમજાવી ઠેકાણે લાવવા, મર્યાદા રહિત મરણ પ્રસંગે રડવા કૂટવાનો અને વિવાહ પ્રસંગે નાગાં-ફટાણા ગાવાનો દુષ્ટ રીવાજ તજી યોગ્ય મર્યાદા સાચવવા, તેમજ ખોટી ફેશનની પ્રીશીયારીમાં તણાઇ મુગ્ધ ભાઈ બ્હેનો જે બીનજરૂરી ખર્ચો કરી અંતે પોતાની પ્રજાને પણ તેનો ચેપ લગાડી દુઃખી પરાધિન સ્થિતિમાં લાવી મૂકે છે તેમાંથી તેમને બચાવવા, અને પોતાની વ્હાલી પ્રજાની અણમૂલી કેળવણી પાછળ બનતું લક્ષ આપી તેને સાચા હીરા જેવી બનાવવા, ચિન્તામણિ રત્ન સમાન અહિંસા-( દયા )-સત્ય-પ્રમાણિકતા-બ્રહ્મચર્ય અને ખરી સંતોષ વૃત્તિનું માહાત્મ્ય તેમને સમજાવવા સચોટ પ્રયત્ન કરવાની બહુ જરૂર છે. શાણી માતા સો શિક્ષકની ગરજ સારે, એ વાતનો પ્રત્યક્ષ અનુભવ આપણને ત્યારેજ થશે કે જ્યારે સર્વદેશીય કેળવણી ખીલવી શકાશે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાણા ભાઇબ્હેનોને લક્ષમાં રાખવા યોગ્ય એક અગત્યની સૂચના.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

## ' વિનય ગુણની મહત્વતા. '

આપણી જૈન સમાજ વિદ્યા–કેળવણીમાં ઘણીજ પછાત છે. તેમાં પણ પુરૂષ વર્ગ કરતાં સ્ત્રીવર્ગમાં તેની વધારે ખામી છે. ખરા જૈન તરીકે પોતાનું શું શું કર્તવ્ય છે તે દરેકે દરેક શ્રીમંત કે ગરીબ, વિદ્વાન્ કે અભણ ગૃહસ્થ સ્ત્રી પુરૂષે અવશ્ય જાણવું જોઇએ, તે મુખ્યપણે ત્યાગી વૈરાગી અને જ્ઞાની ગુરૂઓ ( સાધુ–સાધ્વીઓ ) ની પાસેથી જાણી શકાય એમ છે; વિનયવડેજ મેળવેલું જ્ઞાન સફળ થાય છે; તેથી જ્ઞાન–વિદ્યાના અર્થી ભાઇ બ્હેનોએ ગુરૂજનોનો વિનય અવશ્ય કરવો જોઇએ. વિનય એ એક અજબ જાતિનું વશીકરણ છે; એથી ગમે એવા નિઃસ્પૃહી જ્ઞાની જનોનું પણ દીલ હરી લેવાય છે. પરંતુ એ વિનય જો સહજ શુદ્ધ ભાવથી કરાય તોજ તે વડે મેળવેલી વિદ્યાનું યથાર્થ પરિણમન થાય છે, અન્યથા તો તેનું વિપરીત પરિણમન પણ થવા પામે છે અથવા તો તે વિદ્યા અફળ થાય છે. પ્રાપ્ત થયેલી વિદ્યાથી જ્યારે સત્યાસત્ય, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, ત્યાજ્યાત્યાજ્ય અને ગુણ દોષનો ઠીક વિવેક જાગે અને અસત્ય, અહિત, અકૃત્યાદિકનો ત્યાગ કરી, સત્ય હિત કૃત્યાદિકનો સ્વીકાર કરાય ત્યારેજ તેની સાર્થકતા–સફળતા કહેવાય. જેમ ઉત્તમ ધાન્ય–બીજ ઉત્તમ ક્ષેત્રમાં યથાવિધિ વાવવામાં આવે તો તેનું અનર્ગળ ફળ મેળવે છે તેમ ઉત્તમ વિદ્યા પણ ઉત્તમ પાત્રમાં યથાવિધિ આપવામાં આવે તો તેનું ફળ પણ ઉત્તમ પ્રકારેજ આવી શકે. સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્ શ્રદ્ધા-સમ્યકત્વ અને તેવડે સમ્યગ્ આચરણ રૂપ ચારિત્ર અને તે ચારિત્રવડે સકળ કર્મક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે; પરંતુ એ સઘળા ગુણોનું મૂળ વિનય જાણવું. પૂજ્ય ગુણી જનો પ્રત્યે ભક્તિ, બહુમાન, સદ્ગુણ સ્તુતિ, દોષ આચ્છાદન અને અનાશાતના એ સઘળા વિનયનાજ પ્રકાર છે. એથી વિપરીત આચરણ તે અવિનય છે. વિનય તજી અવિનય કરનાર ઉચ્છૃંખલ–ઉદ્ધત જનો ઉપરોક્ત ઉત્તમ ફળથી વંચિત રહી પરિણામે બહુ દુઃખી થાય છે. જાણી જોઇને દુઃખી થવા ( અનંત ગર્ભાવાસાદિકનાં અસહ્ય દુઃખ સહવા ) કોણ ઇચ્છે ? કોઇજ નહીં; તેમ છતાં કાર્ય કારણના નિયમ મુજબ ઉત્તમ જ્ઞાનાદિક યુકત ગુણી જનોનો અવિનય–અનાદર ( નિંદા જુગુપ્સાદિક ) કરનાર ભવોભવ દુઃખી થયા વગર રહેતો નથીજ. તેથી તથાપ્રકારના ગર્ભાવાસાદિક સંબંધી અનંતા દુઃખથી મુક્ત થવા ઇચ્છનારા ભાઇ બ્હેનોએ સદા-સર્વદા સાવધાનપણે ગુણી જનોનો વિનય અવશ્ય કરવો જોઇએ; અને જે મુગ્ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો તેથી ઉલટા ચાલતા હોય તેમને શાંતિથી ખરો માર્ગ સમજાવવા બનતો પ્રયત્ન કરવો જોઈએ. જૈન શાસનનું મૂળજ વિનય છે તે વાતનું રહસ્ય ઉપર જણા વેલી હકીકત જાણવાથી સ્પષ્ટ થઇ શકે છે, તેમ છતાં કઇક મુગ્ધ જનો નિંદા ખિંસાદિક કરી પોતાના આત્માને અધિક દુઃખના ભાગી કરે છે; જો કે તેઓ મુખથી તો એવું પણ બોલતા સંભળાય છે કે "જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ" પણ ખરી કસોટીના વખતે પોતાનુંજ બોલેલું પાળી લેખે કરી શકતા નથી એ ખરેખર ખેદજનક છે.

પરિણામે–કુદરતી નિયમ પ્રમાણે તેઓ દુઃખી જ થાય તેમાં આશ્ચર્ય જેવું શું છે? આવા મુગ્ધ જનોને સત્ય માર્ગ એકાન્ત હિત બુદ્ધિથી બતાવવો એ ખરી દયા–અનુકંપા અથવા પરોપકૃતિ છે. મુગ્ધ જનોના ઉન્મત્ત પ્રાય આચરણથી કંટાળી કઇક ભાઈ બ્હેનો કાયરપણાથી કહી દે છે કે ભાઇ! આપણે શું કરીએ? 'એ તો ભેંશનાં શીંગડાં ભેંશનેજ ભારે.' ખરો જૈન એટલું બોલીને બેસી ન રહે, પણ કેવળ હિત બુદ્ધિથી તેવા મુગ્ધ જનોને તેમની ભૂલ શાન્તિપૂર્વક સમજાવી તેમને ખરી દિશા (માર્ગ) નું ભાન કરાવી, ખરે માર્ગે વાળે. આવું છતું ડહાપણ જો તે વાપરી ન જાણે–ન શકે તો પછી 'સવી જીવ કરૂં શાસન રસી' ઇત્યાદિક સૂક્ત વચનો પ્રલાપ માત્રજ લેખાય. એ ઉત્તમ વચનોને સાર્થક કરનારા ઉત્તમ જનો જેમ પૂર્વે થયા છે તેમ અત્યારે પણ એ વચનનું રહસ્ય સારી રીતે સમજી, તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખી, શુદ્ધ નિખાલસ ભાવથી તેનો આદર–અમલ કરનારા મહાનુભાવો હોઇ શકે. સર્વજ્ઞ–વીતરાગભાષિત વિનય મૂળ શાસનને જેઓ સાક્ષાત્ સેવે–આદરે છે, અન્ય ભવ્યાત્માઓ તેને અધિક આદરે એવો સદુપદેશ આપે છે અને જેઓ તેની અનુમોદના–પ્રશંસા કરે છે તેઓ ખરેખર ધન્ય–કૃતપુન્ય છે. અરે તેમની નિંદાથી જેઓ દૂર રહે છે તેઓ પણ ધન્ય છે. ઇતિશમ્.

# આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન.

(૫)

આપણા ધાર્મિક જીવનમાં ઉત્સવો ઘણો મોટો ભાગ ભજવે છે. અઠ્ઠાઇ મહોત્સવ, ઉપધાન મહોત્સવ, શાન્તિ સ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવ, પ્રતિષ્ઠા મહોત્સવ આદિ અનેક મંગળ પ્રસંગો સ્થળે સ્થળે ઉપસ્થિત થાય છે અને ધર્મ-પરાયણ જૈન બંધુઓ બહુ આનંદથી આમાં ભાગ લે છે. ઉત્સવો ધર્મના ઉદ્યોતનું ઉપયોગી સાધન છે અને બાળ યુવાન તથા વૃદ્ધ સ્ત્રી પુરૂષો આવા ઉત્સવ પ્રસંગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સરખા રસથી ભાગ લે છે. વસન્તમાં કોયલ ન બોલે તો વસન્ત રસહીન લાગે, વર્ષા ઋતુમાં મયુર કેકા ન સંભળાય તો વર્ષા ઋતુ સુનકાર લાગે, તેમજ જે ધર્મ પ્રવૃત્તિઓમાં ઉત્સવને બીલકુલ અવકાશ ન હોય તે ધર્મ પ્રવૃત્તિઓ પણ એટલીજ નિરસ બની જાય. અલબત્ત ઉત્સવો એક પ્રકારનો પ્રશસ્ત આનંદ મેળવવાના સાધન છે; પરંતુ જ્યારે બીજી ઉપેક્ષા થઇ ન શકે તેવી જરૂરિયાતો માથા ઉપર ઉભી હોય ત્યારે ઉત્સવમાં મહાલવાનો વિચાર કરવો તે અનુચિત ગણાય. બાકી સામાન્ય પક્ષે જ્યારે સુખમય પરિસ્થિતિ અને સાનુકૂળ સંયોગો હોય ત્યારે ઉત્સવો આદરણીય અને ધર્મ્ય બને છે. વસ્તુની ઉચિતતાનો ન્યાય માત્ર સ્થૂળ નફા તોટાની ગણુતરીએ નથી થતો; તાત્ત્વિક દૃષ્ટિએ ઉત્સવ, વરઘોડા વિગેરે વ્યવહારિક પ્રવૃત્તિજ ગણાય; પણ લોકજીવનમાં ઉત્સવ બહુ અગત્યનું સ્થાન ભોગવે છે અને ધાર્મિકતાના વિકાસ અર્થે શિષ્ટ પુરૂષો ઉત્સવોને ધાર્મિક પ્રવૃત્તિઓમાં આદર આપવો આવશ્યક ગણે છે. બાળ જીવોને ધર્મના લુખ્ખા ઉપદેશમાં રસ આવે નહિ કે તત્વ ચિન્તનમાં પ્રીતી જાગે નહિ. સાંસારિક જીવનમાં જે નિમિત્તો આનંદના ગણાય તેને ધર્મ સાથે જોડી દેવામાં આવે તોજ બાળ જીવોને ધર્મપરિચય સુલભ બને. આજ આશયથી લોકોને સંગીત ગમે છે, તેથી મંદિરોમાં સંગીતને દાખલ કરવામાં આવ્યું છે; સુન્દર દૃશ્યો પ્રીતિ ઉપજાવે છે તેથી મંદિરમાં સુંદર રચના કરવાનો પ્રચાર થયો છે; લગ્ન સીમન્ત આદિ ઉત્સવોમાં વરઘોડાઓ, જમણવારો તરફ લોકોનો પક્ષપાત દેખાયો તેથી ધર્મમાં પણ તેને લગતી સર્વ પ્રવૃત્તિઓને સ્થાન આપવામાં આવ્યું છે. જેમ લોહું પારસમણિના સંગથી સુવર્ણ બને છે તેમજ આવા ઇંદ્રિયોને પ્રીતિકર વિષયો પણ ધર્મના સંસર્ગથી ધર્મ્ય બની જાય છે.

આમ છતાં પણ અત્યારે જે રીતે ઉત્સવો ઉજવાય છે તેની સામે ઘણા વાંધા છે. ધાર્મિક જીવન ઘણું ખરૂં સાંસારિક જીવનનું પ્રતિબિંબ હોય છે; જે વ્યાપારી બુદ્ધિથી આપણું સામાન્ય જીવન ઘેરાયલું છે તે જ વ્યાપારી બુદ્ધિ આપણી ધર્મસંસ્થાઓમાં સત્તા ચલવી રહી છે; જે વહેમોથી આપણું ઇતર જીવન સંકુચિત છે તે જ વહેમો ધાર્મિક પ્રવૃત્તિઓને વીંટળાઇ વળ્યા છે. જે ધમાલ, અશાંતિ અને અપરિમિતતા આપણા જીવનના શુભ અશુભ પ્રસંગોમાં વ્યાપી રહેલી છે તે જ ધમાલ, અશાન્તિ અને અપરિમિતતા અત્યારના ધાર્મિક ઉત્સવો, વરઘોડાઓ તથા જમણવારોને કલુષિત અને કુરૂપ કરી રહેલા છે. ઉત્સવો સૌન્દર્યની ઉપાસનાનો પ્રગટ આવિર્ભાવ ગણાય, તે સૌન્દર્ય શાન્તિ વિના અનુભવી શકાયજ નહિ, તેને બદલે આપણા ઉત્સવોમાં શાન્તિ કે સૌન્દર્યનો અંશ બહુ થોડો જોવામાં આવે છે. આ કેવો વિપર્યાસ ? ઉત્સવમાં અનર્ગળ દ્રવ્ય ખરચાય, છતાં ઉત્સવોનો આશય તો અફલિત જ રહે. ઉત્સવ પ્રસંગે જે શોભા કરવામાં આવે છે તે જોઇ હાસ્ય તેમજ ગ્લાની ઉપજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. શત્રુંજયની રચના કરી હોય તેનાઉપર પાંખવાળી પરીઓ ઉડતી હોય, અથવા તો પશ્ચિમની આકૃતિવાળા પુલપાનોથી આવી રચનાઓને શણગારી દેવામાં આવી હોય, બેન્ડના ઘોંઘાટથી મંદિરમાંના અધિષ્ટાયિક દેવતાઓ પણ આકુળ વ્યાકુળ થઇ ગયા હોય અને અંગ્રેજી પોશાકમાં સુસજ્જિત થયેલાં બાળકો એકઠી થયેલ મંડળીને ચિત્ર વિચિત્ર બનાવી રહેલ હોય. આવું ઘણુંય આપણા ધાર્મિક ઉત્સવના પ્રંસગોએ જોવામાં આવે છે. ઉત્સવ પ્રસંગે શાન્તિ ઉત્સાહના અભાવનું ચિહ્ન લેખાય અને જેમ ઘોંઘાટ–ધમાલ વધારે તેમ આપણા ધાર્મિક ઉત્સવોની વિશેષ સફળતા અને મહત્તા ગણાય–આ કેવું વિચિત્ર ! આ વિષયમાં મહાત્મા ગાંધીજીના કેટલાક વખત પહેલાં પ્રગટ થયેલા વિચારો વાચકના મનન માટે રજુ કરૂંછું. પોતાના આશ્રમમાં થયેલા એક શાન્તિમય લગ્ન સાથે અમદાવાદના લગ્ન પ્રસંગોની ધમાલને સરખાવતાં ગાંધીજી લખે છે કે–"બીજે દહાડે સવારે હું શહેરમાં ગયો, ત્યાં ફુલેકાં પારવિનાનાં જોયાં, ચિત્ર વિચિત્ર પોશાક પહેરેલા વાજાવાળા પોતાના અવાજોથી કાન બહેરા કરી રહ્યા હતા, બાળકો અને જુવાનીઆ અસહ્ય તાપમાં ઘરેણાં અને મખમલના પોષાકમાં લદાયેલા પસીનાથી નીતરી રહ્યા હતા, વરરાજા ફુલવાડીમાં ઢંકાઇ ગયા હતા, આમાં મેં ન જોયો ધર્મ, ન જોયો ખરો આનંદ, ન જોયો ખરો વૈભવ. જો વાજાં રાખવાં તો શા સારૂં આપણે પશ્ચિમની બેહુદી નકલ કરીએ ? પશ્ચિમની નકલ કરવી હોય તો તેનું અસલ તપાસીનેજ લઇએ, આપણે જે બેંડો વગડાવીએ છીએ તેમાં જરાયે માધુર્ય નથી, સંગીત નથી, એમ સામાન્ય સંગીત જાણનાર પણ કહેશે. વરઘોડો કહાડીએ તો કેમ દેશની હવાને છાજતો પોષાક ન રાખીએ ? જાહીર પહેરાવવાં હોય તો કેમ તેમાં કાંઇક કળા કે વિવેકનો ઉપયોગ ન કરીએ ? ગીત ગવડાવવાં છે તો સ્ત્રીઓને કેમ ઉપયોગી ગીત ગાતાં ન શિખવીએ ?

" મારી ફરીઆદ ધામધૂમ સામે નથી. જેની પાસે પૈસો છે, જેની પાસે બીજો આદર્શ નથી, એ ધામધુમ કરશે, એને પૈસો વાપરવાનો અવકાશ જોઇશે પણ હું આપણી ધામધુમોમાં વિવેક, વિચાર, મર્યાદા, કળા, ઉન્નતિ જોવા ઇચ્છું છું. "

આજ વિચારોના અનુસંધાનમાં એક વિદુષી બહેન લખે છે કે "........ફુલેકાં જમણવારો એ સર્વમાં આનંદ કે શોભા કશું જોવાતું નથી. પરણનાર છોકરા છોકરીને હસનીય દેખાવો કરવા પડે છે તે ખરે તેમને માટે દયા ઉપજાવે તેવું ય છે. આવા ગંભીર, પવિત્ર અને ઉલ્લાસમય પ્રસંગોને ધાંધલીઆ, હાસ્યાસ્પદ ને ત્રાસમય બનાવવામાં શું હાંસલ થાયછે તે સમજાતું નથી.........ધાર્મિક ક્રિયા- તત્ત્વ કોઇ જાણતું જ નથી, અને સૌન્દર્યનું ખુન થાય તેવાં પોષાકો અને રચના ાથી જોનારનું હૃદય ખિન્ન થઇ જાય છે. આ દેશમાંથી જતી રહેલી કળા અને સં- તિ કેમ પાછી આવે ? આવા વિચારો સહજ ઉદ્ભવે છે.........સંસારના લગ્ન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખા એક મહાન પ્રસંગને સૌમ્ય, શાન્ત, ગંભીર સ્વરૂપે સમજી, સ્નેહ અને ઉલ્લાસ તથા આનંદ પ્રદર્શિત કરવા માટે કોઇને વાંધો નથી, પરંતુ આ તો વિપરીતતાની પરિસીમા છે. દેશી ભાઇઓને પ્રભુ સદ્બુદ્ધિ આપે અને દેશની ખરી જરૂરિયાતોનું તેમજ આપણી ખામીઓનું તેમને ભાન કરાવે એવી તેના પ્રત્યે માગણી છે." આ કથનો આપણા સામાજિક ઉત્સવોને લાગુ પડે છે તે કરતાં ઘણા વધારે ધાર્મિક ઉત્સવોને લાગુ પડે તેવાં છે, ધાર્મિક ઉત્સવોમાં શાન્તિ પરમ આવશ્યક અંગ છે, તેનો તો તદ્દન લોપ થતો જોવામાં આવે છે. ઉત્સવ નિમત્તે કરવામાં આવતાં સુશોભનમાં કળા કે પ્રમાણને બદલે ઝબકારા મારતી વસ્તુઓનો ખડકલો જોવામાં આવે છે. સુન્દર વસ્તુઓની ગોઠવણ વિવેક પુર:સર કરવામાં ન આવે તો સૌન્દર્ય નાશ પામે. વણિગ્ વૃત્તિવાળા જૈનોને સુન્દર રચનાનું જ્ઞાન હોતું નથી. ઉત્સવોમાં કે વરઘોડામાં સોનું રૂપું હીરા માણેક ઢગલાબંધ દેખાય, એટલે અર્થવ્યામોહથી મૂઢ બનેલી વણિગ્ વૃત્તિ તૃપ્ત થાય. આ સર્વ અતિશયતા આમૂલ ત્યાગ કરવામાં આવે નહિ ત્યાંસુધી ઉત્સવોમાં ખરી ધાર્મિકતા પ્રગટશે નહિ અને કળાનાં તત્ત્વોનું ખુન થતું અટકશે નહિ. જ્યાં સૌમ્ય વસ્ત્રધારી દેવતાઓની આકૃતિઓ ગોઠવવાની હોય ત્યાં મુસલમાની પોષાકમાં શોભતી, પાંખો ફફડાવતી પરિઓની આકૃતિઓ જોવામાં આવે છે; નાચનારી મંડળીઓના છોકરાં કેવાં કુરૂપ હોય છે! પાશ્ચાત્ય પદ્ધતિના વિચિત્ર પોશાક પહેરેલાં હોય, શરીરે બેડોળ હોય, આંખમાં ચીપડા હોય અને અંગ્રેજી ઢબનાં ગાયનો પ્રભુની સમક્ષ નાટકી આલાપો વડે ગાતાં હોય આ ઓછું હાસ્યાસ્પદ નથી! વરઘોડામાં પણ વિલાયતી વાજંઓનો દિગ્વિજય વર્તે છે. કાંતો વાજાંઓનો તદ્દન બહિષ્કાર કરવો જોઇએ; નહિતો વાજાંવાળાઓને ઘાટવાળાં, અને કાન ફોડી નાંખે તેવાં નહિ પણ આનંદ ઉપજાવે તેવાં ગાયનો અથવા ગતો વગાડવાનો આદેશ થવો જોઇએ. ઘણે ઠેકાણે સાંબેલાનો રીવાજ હોય છે. આવાં વરઘોડામાં બાળકુસુમોને હીરા માણેક તથા જરીથી ભરેલાં અંગ્રેજી પોશાકથી આકુળ વ્યાકુળ કરી દેવામાં આવે છે. આપણે પશ્ચિમ આગળથી શિખવાનું છે તે નથી શિખતા અને નહિ શિખવા જેવું ગ્રહણ કરીએ છીએ. તેમનો બીન ઉપયોગી પોશાક, શોભન પદ્ધતિઓ, અને તેના શણગાર આપણામાં મૂળ ઘાલતાં જાય છે. તેમની શાન્તિ, તથા નિયમતત્પરતાનો અંશ પણ આપણા જીવનમાં ઉતરતો નથી. આ વિષયમાં ઘણા સુધારા થવાની આવશ્યકતા છે.

આવો ઘોંઘાટ અને આવીજ ધમાલ જૈનોના જમણવારમાં ઘણે સ્થળે જોવામાં આવે છે. એકધર્મી ભાઇઓની જમણવારને સ્વામિવાત્સલ્યના નામે ઓળખવામાં આવે છે. આવા પ્રસંગોએ વાત્સલ્ય વિસ્તરવાને બદલે મનુષ્યની પાશવવૃત્તિનો આબેહુબ દેખાવ પ્રગટ થાય છે. સ્વચ્છતાની ભૂમિકા ઉપર જ સૌન્દર્ય રચી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં સ્વચ્છતાનો મૂળમાંથી અભાવ હોય ત્યાં સુંદર દર્શન તો સંભવે જ શી રીતે? આપણા મોટા જમણવારની રસોઇમાં કળા કે વિવિધતા હોતીજ નથી. ગળપણ અને રસાણ પેટમાં ભરાય તેટલું ભરવું, આ જમણવારમાં જમવા આવનારનો ઉદ્દેશ હોય છે. જમવાને માટે આસનમાં ભૂમિતલ અને પાત્રમાં લાંબા વખતની કાટ ખાધેલી, અનેક જમણવારોની એંઠવાળી કથાટી થાળીઓ—આ જૈનોનાં જમણવારનું દૃશ્ય. બેસવાની ગોઠવણ મળે જ નહિ; મોટા ચોકમાં જેને જ્યાં ફાવે ત્યાં બેસી જાય. સુઘડતાની વાત જ ન મળે! એંઠા જૂઠાનો અભેદ, પીરસનારના પાત્રમાં ગમે તે હાથ નાંખી શકે. સ્વામીભાઇઓ આમ ન જમે; વાત્સલ્ય આમ ન વિસ્તરે; પ્રીતિભાવ આમ ન વધે. ખાદ્ય પદાર્થ ઉપર જેમ જાનવરોનો ધસારો થાય તેમ જમણવારની રસોઇ ઉપર જમનાર બંધુઓ દરોડો ચલાવે છે તે જોઇને બહુ ગ્લાનિ થાય છે. મનુષ્યની માફક જમતાં શિખવાની જરૂર છે. જમનારને સુંદર આસન તેમજ પાત્રો અપાતાં હોય, સૌ પંક્તિવાર ગોઠવાતાં હોય, નિયમસર પીરસાતું હોય અને નિર્દોષ આહાર ધરવામાં આવતો હોય તો જમનાર કેટલા આનંદથી જમી શકે અને જમાડનારને કેટલું પુણ્ય પ્રાપ્ત થાય? જમણવાર ચાલતી હોય ત્યારે બાજુએ વાદ્ય ગાયનાદિ ગોઠવવાનો રીવાજ પશ્ચિમમાં વિશેષે કરીને જોવામાં આવે છે તે પ્રશસ્ય અને આદરણીય છે. બ્રાહ્મણોમાં જમતી વખત પ્રારંભમાં શ્લોક બોલવાનો રીવાજ બહુ સુંદર છે. આથી જમવામાં આનંદ જુદોજ આવે, ધાર્મિક શ્લોકોનો અભ્યાસ વધે, અને શ્લોકો ગાતાં સહેલાઇથી શિખાય. જમવામાં ગંદકી ન થાય, સુઘડતા જળવાય, એંઠ ન જ રહે–આ નિયમો જૈનોને તો ધર્મરૂપે પ્રાપ્ત થાય છે, છતાં જૈનોને ત્યાં આ નિયમોનો સૌથી વધારે ભંગ થાય છે. ઉલટ, અમદાવાદના નાગર સ્ત્રી પુરૂષોને જમતાં જુઓ તો એમ ખ્યાલ આવે કે જાણે તે કોઈ દેવ મંડળી જમવા બેઠી છે? કેટલીક વખત એવું બને છે કે બે કે તેથી વધારે હજાર માણસોને જમાડવા હોય અને સારી રીતે જમાડવાની સામગ્રી મળે નહિ, તેથી ગંદવાડભરી જમણવાર કરવી પડે છે, પણ અહિં હું એટલુંજ પૂછું છું કે પહોંચાય તેટલી સંખ્યાને જમાડવાનો માણસે શા માટે લોભ રાખવો? પાંચને સારી રીતે જમાડવાની સામગ્રી હોય તો પચ્ચીશને જમાડવામાં શા માટે તણાવું? પણ ખરૂં કે મોટી સંખ્યાના જમણવારો મનુષ્યના વ્યાપક વાત્સલ્યને જોતાં દૂર થઇ શકે તેમ નથી, તેમજ તે અનિષ્ટ છે એમ માનવાને પણ ખાસ કારણ નથી. તેથી આવા જમણવારોની સુઘડ વ્યવસ્થા કરવાનું કામ સમાજ અથવા સંઘનું છે. જમણવારને લગતા સખત નિયમો કરી દરેક પાસે બરોબર પળાવવા જોઇએ. આ કાર્યને અર્થે આવશ્યક દ્રવ્ય વ્યય પણ સમાજના ધનિક પુરૂષોએ સમાજ હિત ખાતર કરવો જોઇએ. જૈન બંધુઓએ આ બાબત ખાસ લક્ષ્યમાં લેવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંખને ચીતરી ચઢે તેવી જમણવારો ધાર્મિકતા કે વાત્સલ્યતા નહિ વધારી શકે. સ્વામીવાત્સલ્યમાં જમવાનો લોકોને આનંદ અને ઉત્સાહ હોય, તેને બદલે અત્યારે ઘણાએ આવા પ્રસંગમાં જમવા જવુંજ છોડી દીધું છે; અને જે જમવા જાય છે તેમાંના ઘણાકને મોટી કઠણાઇ લાગે છે. જૈનોને શોભે તેવો આહાર વ્યવહાર નહિ રચાય ત્યાં સુધી જમણવારોથી તેઓ ધારે છે તેટલું પુણ્ય થાય છે કે લાભ થાય છે એમ મારૂં મન તો કબુલ ન જ કરે.

આ વિભાગ પૂર્ણ કરતાં પહેલાં આપણા સાધુઓના ઉપાશ્રયમાં થતા જાહેર વ્યાખ્યાનો પરત્વે કિંચિત્ કથિતવ્ય છે. ઉપાશ્રયમાં સાધુઓ વ્યાખ્યાન આપે અને ધર્મના રહસ્યનો અજ્ઞ જનોને ઉપદેશ કરે એ રૂઢિ પ્રશસ્ય છે. સામાન્યતઃ લોકો ગુરૂના ઉપદેશદ્વારા જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ગુરૂ મીઠી વાણીથી નીતિ અને ધર્મનાં તત્ત્વોનો ઉપદેશ કરે અને શ્રોતાઓ શાન્તિથી સાંભળે તો ઉભયને લાભ થાય; પણ આપણામાં તો ઉભય પક્ષે બહુ ખામી નજરે પડે છે. ગુરૂઓ કેવો ઉપદેશ કરે છે તે વિષે કાંઇ પણ ઉલ્લેખ કરવો તે અસ્થાને છે, પણ એટલું તો કહી શકાય કે વક્તૃત્વકળાનો પ્રસાદ આપણા ઉપર બહુ જ ઓછો છે. અન્યના મનનું રંજન કરી તેના અંતરમાં સદુપદેશ ઉતારવાની શક્તિ કોઇ વિરલ સાધુમાંજ દેખાય છે. રૂઢી પરંપરામાં ચાલી આવતી વાતો, એક સરખી ઢબે કહેવામાં આપણા સાધુઓની વક્તૃત્વ કળાનો સમાવેશ થતો ઘણું ખરૂં જોવામાં આવે છે. સામાન્યતઃ પ્રાકૃત યા સંસ્કૃત શ્લોકો ગુરૂમહારાજ વાંચે છે અને પછી તેનો વિસ્તૃત અર્થ યથાશક્તિ એકઠી મળેલી પરિષદ્‌ને સંભળાવે છે. નૈસર્ગિક વક્તૃત્વવાળાને ભાષણ કરતાં પુસ્તકનો આધાર લેવો પડે જ નહિ. સંસ્કૃત શ્લોકો વાંચે છે તે પણ ઘણી વખત એવી વિચિત્ર ઢબથી કે સંસ્કૃત ભાષાના માધુર્યનું પાન કર્યું હોય તે મનુષ્ય સહેજે સખત આઘાત પામે. સંસ્કૃત ભાષાનું મીઠા સરોદવાળું સંગીત ક્યાં, અને કેટલાક રાગજ્ઞાન વિહીન સાધુઓનાં સંસ્કૃત શ્લોકોનાં પઠન ક્યાં? અંગ્રેજનાં મ્હોમાં સંસ્કૃત ભાષા જેવો પરદેશી ભાવ ધારણ કરે છે તેવો પરદેશી ભાવ ઘણી વખત જૈન ઉપદેશકોથી પઠિત સંસ્કૃત શ્લોકો શ્રવણ ગોચર થતાં કરાવે છે. બહુ થોડા સાધુઓ એવા જોવામાં આવ્યા છે કે જે વસંતતિલકા, શિખરિણી કે મન્દાક્રાન્તા મનોહર રાગથી પદ્ધતિસર ગાઇ શકતા હોય. જે ભાષાના ગળણે ગળીને ધર્મના ઉપદેશનું અન્યને પાન કરાવવું છે તે ભાષાના શબ્દોનું સંગીત ઉપદેશકના આત્મામાં ઉતરવું જ જોઇએ; નહિ તો ઉપદેશના સર્વ પ્રયત્નો તદ્દન વિફળ જાય.

શ્રોતાઓ પણ જાણે કામ પતાવવા આવ્યા હોય, દેવું દેવા આવ્યા હોય, વેઠ કરવા આવ્યા હોય તેમ ઉપાશ્રયમાં આવે છે અને ચાલ્યા જાયછે. ઉપદેશ સમયે કાંતો બગાસાં ખાતા હોય અથવા વાતોનો ગણગણાટ મચાવી મૂક્યો હોય, શા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્તિથી સાંભળવાનું કોઇ સમજતું જ નથી. નજીકના ઉંઘે, દૂરના ઘોંઘાટ કરે, ઈચ્છાનુસાર ચાલ્યા જાય અને ઘોંઘાટ કરતાં વ્યાખ્યાનશાળામાં આવે અને બે ચાર શ્રદ્ધાળુ જનો 'જી સાહેબ'ના પોકારથી ઉપદેશકને પ્રોત્સાહિત કર્યા કરે— આવી વક્તા અને શ્રોતાની દયામય સ્થિતિનો જલદીથી ઉદ્ધાર થાય એવી પ્રવૃત્તિઓ આદરવા સાધુ તેમજ શ્રાવક વર્ગને સવિનય અભ્યર્થના છે.

તા. ૧૮–૬–૨૦ }
મુંબઈ. } પરમાનંદ.

## सूक्त मुक्तावळी.

( વિવેચનકાર-સન્મિત્ર કર્પૂરવિજયજી )

### ૪ મોક્ષ વર્ગ.

उपजाति.

ग्राह्याः कियंताप्यथ मोक्षवर्गे, कर्म क्षमा संयम भावनाद्याः ।
विवेक निर्वेद निज प्रबोधा–इत्येवमेते प्रवर प्रसंगाः ॥ १ ॥

### ૧ મોક્ષાર્થ વિષે.

( માલિની )

ઇહ ભવ સુખ હેતે, કે પ્રવર્તે ભલેરો,
પરભવ સુખ હેતે, જે પ્રવર્તે અનેરો;
અવર અરથ છંડી, મુક્તિપંથા આરાધે,
પરમ પુરૂષ સોઇ, જેહ મોક્ષાર્થ સાધે. ૨
તજિય ભરત કેરી, જેણુ છ ખંડ ભૂમિ,
શિવપથ જિણુ સાધ્યો, સોળમા શાંતિસ્વામી;
ગજમુનિ[૧] સુપ્રસિદ્ધા, જેમ પ્રત્યેકબુદ્ધા,
અવર અરથ છંડી, ધન્ય તે મોક્ષ લુદ્ધા. ૩

### પરમપદ-મોક્ષ માટે પુરષાર્થ ફોરવવા હિતોપદેશ.

જગતના ભિન્ન ભિન્ન રૂચિવાળા જીવો પૈકી કોઇ આ લોકના સુખ માટે કે કોઇ પરલોકના સુખ માટે પ્રવૃત્તિ–પ્રયત્ન કરતાં દેખાય છે; પણ એ બધી આશાતૃષ્ણા તજી જે કેવળ કર્મમુક્ત થઇ મોક્ષપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, તેજ ખરેખર પરમ

૧ ગજ સુકુમાળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષની પંક્તિમાં લેખાવા યોગ્ય છે. આત્મજ્ઞાનનો ઉંડો પ્રકાશ જેને થયો છે તે ભરતાદિક ચક્રવર્તીઓ, તીર્થંકરો, નમિ પ્રમુખ પ્રત્યેકબુદ્ધો અને ગજસુકુમાલાદિક મુનિવરો બીજો બધોય અર્થ તજી દ્દઢ શ્રદ્ધા અને શુદ્ધ ચારિત્રને સેવી મોક્ષનાજ અધિકારી થયા તેમને ધન્ય છે.

ઉત્તમ ક્ષમાદિક ધર્મનું સેવન કરવાથી દુરિત-પાપ દૂર થાય છે; કરેલું તપ બધું લેખે થાય છે; કર્મનો અંત થાય છે, પુન્ય લક્ષ્મીની વૃદ્ધિ થાય છે અને શ્રુત જ્ઞાનનું આરાધન થાય છે. ઉત્તમ ક્ષમા-સમતા યોગે જ ખંધક સૂરિના શિષ્યો, દૃઢ પ્રહારી, કૂરગડુ, ગજસુકુમાલ અને મેતાર્ય પ્રમુખ મહા મુનીશ્વરો સકલ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પ્રાપ્ત થયા છે. આત્મસંયમ (Self Restraint)વડે આત્મામાં નવા કર્મ આવી દાખલ થઇ શકતાં નથી અને સમતા સહિત તીવ્ર તપ કરવાથી પૂર્વલાં કર્મ બળી જળી નષ્ટ થાય છે. એથી સ્વઆત્મસુવર્ણ શીઘ્ર શુદ્ધ થવા પામે છે, એટલે અત્યાર સુધી કર્મમળવડે ઢંકાઇ રહેલા સકળ સ્વગુણો પ્રકાશમાન થાય છે એજ ખરેખરી સ્વદયા છે અને એવીજ રીતે અન્ય ભવ્યાત્માઓને નિજ નિજ આત્મગુણો પ્રકાશમાન કરવા સમ્યગ્ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રનો સત્યમાર્ગ બતાવવો તેજ ખરી પરદયા છે. આ ભાવદયાને અડચણ ન આવે પણ પુષ્ટિ મળે એવા પવિત્ર લક્ષ્યથીજ દ્રવ્યદયા ( સ્વપર પ્રાણ રક્ષા ) કરવા, વીતરાગ પરમાત્મા શાસ્ત્રદ્વારા આપણને ફરમાવે છે. અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મને પરમ મંગળ રૂપ શાસ્ત્રમાં વખાણ્યો છે. અનિત્યાદિ દ્વાદશ ભાવના અને મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતા રૂપ ભાવનારૂપી રસાયણનું સેવન કરનાર ભાવિત આત્મા સકળ અશુભ કર્મરોગને ટાળી ક્ષમાદિક ઉત્તમ ગુણોનું સેવન કરી સ્વાત્મગુણની પુષ્ટિ કરવા સમર્થ થાય છે. સ્વાત્મ ગુણોનો સંપૂર્ણ વિકાસ થાય એજ ખરો મોક્ષ છે.

## ૨ કર્મ વિષે.

કરમ નૃપતિ કોપે, દુઃખ આપે ઘણેરા,
નરય તિરિય કેરા, જન્મ જન્મે અનેરા;
શુભ પરિણતિ હોવે, જીવને કર્મ તેવે,
સુર નરપતિ કેરી, સંપદા સોઇ દેવે. ૪
કરમ શશિ કલંકી, કર્મ ભિક્ષુ પિનાકી;
કરમ બળિ નરેંદ્રે, પ્રાર્થના વિષ્ણુશંકી;
કરમ વશ વિધાતા, ઇંદ્ર સૂર્યાદિ હોઇ,
સબળ કરમ સોઇ, કર્મ જેવો ન કોઇ. ૫

## કર્મ વિપાક વર્ણનાધિકાર.

કર્મ રાજાનો કાયદો એવો સખ્ત છે કે જે કોઇ ખોટા વિચાર, ખોટા વચન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખોટા ઉચ્ચાર કે ખોટા આચાર આચરે છે—એવા સ્વચ્છંદપણે ચાલેછે તેની તે પૂરી ખબર લે છે. તેને અનેક તરેહનાં દુઃખ ભવોભવ નરક અને તિર્યંચ ગતિમાં આપીને રઝળાવે છે. આ રીતે દુષ્ટ કર્મ દુષ્કૃત્યો કરનારા નીચ જીવોને શિક્ષા આપે છે, તેમ જે રૂડા પરિણામથી સારા વિચાર, સારી વાણી અને સારાં આચરણ સેવે છે તેમને ઇન્દ્ર તથા ચક્રવર્તી જેવી મોટી સંપદા આપીને નિવાજે છે. સુકૃત્યો કરનારા અને સદ્‌ગુણી જીવો ઉપર પૂરતો અનુગ્રહ કરવા પણ તે કર્મ રાજા ચૂકતો નથી. એક પ્રતાપી મહારાજાની પેરે તે દુષ્ટ જીવોનો નિગ્રહ અને શિષ્ટ—ઉત્તમ જીવોનો અનુગ્રહ તેમના વિચાર વાણી અને આચારના પ્રમાણમાં કરવા તે સદાય સાવધાન રહે છે. વિશેષમાં એ શિક્ષા કે અનુગ્રહનું ફળ સંપૂર્ણ તે તે જીવો મેળવી રહે ત્યાંસુધી તેની પૂરી તપાસ રાખ્યા કરે છે અને તેવે પ્રત્યેક પ્રસંગે તેમની વૃત્તિનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરતો રહે છે, અને તેમના શુભાશુભ, વર્તન ( હર્ષ, ખેદ, ઉન્માદ કે સમભાવ ) પ્રમાણે તેમનું હિતાહિત નિષ્પક્ષપણે કરવા તે પ્રવર્તે છે. કર્મ મહારાજાની જેમના ઉપર કૃપા નજર થાય છે તે ઉંચી પાયરી ઉપર ચઢી શકે છે અને તેની અવકૃપા થાય છે તેનો વિનિપાત ( વિનાશ ) થતાં વાર લાગતી નથી. જેવું જેમનું વર્તન તેવું તેમને ફળ મળી રહે છે. લૌકિક શાસ્ત્ર મુજબ ચંદ્ર કલંકિત થયો, શંકરમહાદેવે ભીખ માંગી, બલી રાજા પાસે વિષ્ણુએ દીનપણે પ્રાર્થના કરી એ કર્મ વશવર્તીપણાથી. વળી બ્રહ્મા, ઇન્દ્ર અને સૂર્યાદિક દેવો પણ કર્મયોગે ઊંચી પદવી પામ્યા અને કર્મવશ પોતાનું ભાન ભૂલી પાછા સ્ત્રી—મોહનીમાં મુંઝાઇ ફસી પડ્યા. કર્મ રાજા જેવું કોઇ બળિયું જણાતું નથી. આ કર્મનું વર્ણન થોડું ઘણું લૌકિક શાસ્ત્રોમાં કરેલું દેખાય છે; પરંતુ તેનું આબેહુબ યથાર્થ વર્ણન તો સર્વજ્ઞદેશિત જિન આગમ—ગ્રંથોમાંજ કરેલું છે, તેમાં વસ્તુતઃ કર્મનો કર્તા, ભોક્તા, સંસારમાં સંસર્તા અને સંસારનો અંત કરનાર જીવ પોતેજ કહ્યો છે. જેવાં શુભાશુભ કર્મ જીવ કરે છે તેવાં તેનાં ફળ તે સંસારમાં ભોગવે છે, મિથ્યાત્વ—બુદ્ધિ વિપર્યાસ, અવિરતિ—સ્વચ્છંદ વર્તન—હિંસા અસત્યાદિક પાપનું સેવન, ક્રોધ માન માયા લોભ રૂપ કષાય અને મન વચન કાયાના યોગવ્યાપાર વડે જે કંઇ કરવામાં આવે છે તેજ કર્મ. શુભાશુભ પરિણામવડે શુભાશુભ કર્મ કરાય છે અને તેનું તેવું શુભાશુભ ફળ જીવને ભોગવવું પડે છે. શુભ કર્મનું ફળ મીઠું અને અશુભ કર્મનું ફળ કડવું હોય છે. તીવ્ર રાગ દ્વેષ કે કષાય વડે અશુભ કર્મ—ફળ અને મંદ રાગ દ્વેષ કે કષાયવડે શુભ કર્મ—ફળ થવા પામે છે. ત્યાં સુધી જીવને સંસાર પરિભ્રમણ કરવું પડે છે. વસ્તુતઃ જીવ—આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે, પરંતુ કર્મરૂપી ઉપાધિને યોગે તે મેલો જણાય છે. જો તથાપ્રકારની અનુકૂળતા પામી, યથાર્થ જ્ઞાન, શ્રદ્ધા અને પુરૂષાર્થ જે નિજ આત્મામાંજ દંકાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા છે તેમને જાગ્રત કરી એ અનાદિ કર્મ ઉપાધિને ટાળી દેવાય તો સંસાર પરિભ્રમણનો અંત આવી જાય અને અનંત-અક્ષય શાશ્વત સુખરૂપ મોક્ષ પામી શકાય.

### ૩ ક્ષમા વિષે.

દુરિત ભર નિવારે, જે ક્ષમા કર્મ વારે,
સકળ તપ સધારે, પુણ્ય લક્ષ્મી વધારે;
શ્રુત સકળ આરાધે, જે ક્ષમા મોક્ષ સાધે,
જિણ નિજ ગુણ વાધે, તે ક્ષમા કાં ન સાધે. ૬
સુગતિ લહી ક્ષમાએ, ખંધ સુરીશ શિષ્યા[1]
સુગતિ દ્દઢપ્રહારી, કૂરગડુ મુનીશા;
ગજમુનિય ક્ષમાએ, મુક્તિ પંથા અરાધે,
તિમ સગતિ ક્ષમાએ, સાધુ મેતાર્ય સાધે. ૭

### ક્ષમાગુણ વર્ણનાધિકાર.

ક્રોધાદિક કષાયની કે રાગ દ્વેષની શાન્તિ, સમતા, ધીરજ એ બધા ક્ષમાના રૂપાંતર-પર્યાય છે. તેનો પ્રભાવ ખરેખર અલૌકિક છે, તે અશુભ-પાપ કર્મને દૂર કરે છે. કરવામાં આવતા બધા બાહ્ય-અભ્યંતર તપને સાર્થક કરે છે અને પુન્ય લક્ષ્મી કહો કે શુભ કર્મને પોષે છે. ક્ષમા-સમતા યોગે સકળ શ્રુત-શાસ્ત્રનું સેવન-આરાધન થઇ શકે છે અને સકળ કર્મબંધનથી મુક્ત થઇ શકાય છે. જે સમતાથી સદાય સ્વગુણની વૃદ્ધિ-પુષ્ટિ થવા પામે છે તેનાથી કઇ વસ્તુ સાધી ન શકાય? અપિતુ સકળ ઇચ્છિત વસ્તુ સમતાવડે સહેજે મળી આવે છે; પરંતુ એવી અપૂર્વ સમતા-ક્ષમાજ આવવી મુશ્કેલ છે. જે મહાનુભાવ આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મસ્થિરતા અભ્યાસ બળે યથાર્થ પ્રાપ્ત કરી શકે છે તેજ પુરૂષાર્થવંત આત્મા તેવી સમતાને પામે છે. બીજા પણ ધારે તો વધારે નહિ તો તેવા સમર્થ સમતાવંત નિકટભવી જનોની પ્રશંસા કરી અને તે તે કારણ કાર્યગુણમાં બને તેટલો અભ્યાસ કરી પોતાના આત્મામાં તથાપ્રકારની યોગ્યતા પેદા કરી શકે. એ પણ ઠીક જ છે. ઉપકાર-અપકાર-વિપાક-વચન અને અસંગ-એમ ક્ષમાના પાંચ પ્રકાર છે. પ્રથમની ત્રણ પ્રકારની લૌકિક ક્ષમા છે, જ્યારે બીજી બે પ્રકારની લોકોત્તર ક્ષમા છે. જિનેશ્વર દેવનાં કે જિન આગમ-શાસ્ત્રનાં વચન-અનુસારે સ્વચ્છંદનો ત્યાગ કરી ક્ષમા આદરવી તે વચન ક્ષમા. તેની સતત્ સેવા (અભ્યાસ) વડે મોક્ષદાયક અસંગ સમાન લાભ મળે છે. એ અલૌકિક ક્ષમાયોગે પૂર્વે ખધકસૂરિના પાંચસો શિષ્યો, દ્રઢપ્રહારી, કૂરગડુ, ગજસુકુમાળ અને મેતાર્ય મુનિ પ્રમુખ મુનીશ્વરો અનેક અઘોર

[1]. ખંદક સૂરિના ૫૦૦ શિષ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિષહ–ઉપસર્ગો સમભાવે સહન કરી પરમાનંદ પદને પામ્યા તેમ આપણે પ્રયત્ન કરવો ઘટે છે.

## ૪ સંયમ વિષે.

( સ્વાગતા )

પૂર્વ કર્મ સવિ સંયમ વારે, જન્મ વારિનિધિ પાર ઉતારે;
તેહ સંયમ ન કેમ ધરીજે, જેણુ મુક્તિ રમણી વશ કીજે. ૮
તુંગ શૈલ બળભદ્ર સુહાયો, જેણુ સિંહ મૃગ બોધ બતાયો;
તેણુ સંયમ લહીય અરાધ્યો, જેણુ પંચમ સુરાલય પાયો. ૯

## સંયમ પ્રભાવ વર્ણનાધિકાર.

સમ્યગ્-યથાર્થ રીતે યમ–નિયમનું પાલન કરવું, પાંચે ઇન્દ્રિયોનું વિવેકથી સારી રીતે દમન કરવું, ક્રોધાદિક ચારે કષાયોનો ક્ષમાદિક ગુણના અભ્યાસવડે સારી રીતે નિગ્રહ કરવો, તેમજ મન વચન કાયાને કબજે રાખી તેનો સદુપયોગજ કરવો તેને જ્ઞાની પુરૂષો સંયમ કહે છે. તેવો અદ્દભુત સંયમ કહો કે આત્મનિગ્રહ કરવો તે ઇન્દ્રાદિક દેવોને પણ દુર્લભ છે. કાયર અને સુખશીલ જનો તેથી કંપે છે. તલવારની ધાર ઉપર નાચવા કરતાં પણ સંયમ સેવન અતિ કઠીન છે, તલવારની ધાર ઉપર તો નટ–બાજીગરો નાચી શકે છે પણ સંયમનો મહિમા અદ્દભુત છે. એક રાંક જેવો પણ પૂર્વોક્ત સંયમના પ્રભાવે દેવેન્દ્ર અને ચક્રવર્તી જેવાને પણ પૂજા–સત્કાર યોગ્ય બને છે. પૂર્વલાં અને નવા આવતાં કર્મનું નિવારણ કરી જે આ ભયંકર ભવસાગરથી પાર ઉતરે છે અને અનંતા શાશ્વત સુખ સાથે કાયમ માટે જોડી આપે છે, તેવા શુદ્ધ સંયમનું સેવન–આરાધન કરવા શા માટે આપણે આળસ–પ્રમાદ સેવી બેનશીબ રહેવું જોઇએ ? સ્વચ્છંદ આચરણવડે જીવ સ્વહિતથી ચૂકી અહિતનેજ આદરી અંતે દુઃખી થાય છે. માઠાં આચરણ કરવાથી જ્યારે જીવ પરાધીન થઇ દુઃખી થાય છે ત્યારે તેને કોઇ રક્ષી શકતું નથી. કૃષ્ણવાસુદેવનું અવસાન થયા પછી તેના અતિ પ્રિય બંધુ બળભદ્રજીએ વૈરાગ્ય જાગ્રત થવાથી સંયમ લહીને તેનું યથાર્થ સેવન–આરાધન કર્યું. પોતાના અદભૂત રૂપથી કોઇ મોહાન્ધ બની અનર્થભાગી ન થાય એવી પવિત્ર બુદ્ધિથી એકાન્ત તુંગગિરી ઉપર નિવાસ કરી તપ જપ જ્ઞાન ધ્યાનનો બળદેવ મુનિએ એવો અભ્યાસ કર્યો કે તેના પ્રભાવથી હિંસક જાનવરો પણ શાન્ત બની ગયા, અને પોતે પાંચમા બ્રહ્મદેવલોકમાં સિધાવ્યા.

( સ. ક. વિ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैन बन्धुओ ध्यान आपशे के ?

અત્રેની વઢવાણ કેમ્પ "હિન્દુ અનાથાશ્રમ" નામની સંસ્થામાં આપણી જૈન કોમનાં છ થી સાત બાળકો છે. તેમાંના ચાર બાળકોએ સંવત્સરીના ઉપવાસ કરવાથી તે સંસ્થાના મેનેજર નરભેરામભાઈ જૈન હોવાથી તેઓ પોતાની સાથે પ્રતિક્રમણ કરવા લાવ્યા હતા. મારે તેમની સાથે કેટલીએક વાતચીત થતાં તેમણે જણાવ્યું જે "મારી પહેલાં એક બ્રાહ્મણ આ સંસ્થાના મેનેજર હતા. આ સંસ્થામાં બ્રાહ્મણના છોકરાઓ વધારે હોવાથી તમામ છોકરાને ગાયત્રી વિગેરે બ્રાહ્મણધર્મનું શીખવ્યું હતું, તેજ અભ્યાસના અંગે અત્યારે આ જૈન બાળકોને ગાયત્રી વિગેરે આવડે છે. હાલ હું મેનેજર તરીકે આવ્યો છું, જેથી આ બાળકોને દેરાસરજી દર્શન કરવા તથા પ્રતિક્રમણ કરવામાં જોડ્યા છે." તે વાત થઈ રહ્યા પછી મેં મેનેજરને તે છોકરાઓને મારે ત્યાં પારણું કરવા મોકલવા કહ્યું, પણ તે સંસ્થાના સેક્રેટરીની રજાચીઠી શિવાય આવી શકે નહી તેમ તેઓએ કહેવાથી રજાચીઠી મંગાવી આપી. સવારમાં તે ચાર બાળકો મારે ત્યાં પારણું કરવા આવ્યા. કેટલીએક વાત પૂછતાં તેમાંથી એક બાળકે પોતાની વીતકની વાત કહી જે 'હું આ સંસ્થામાં દાખલ થયા અગાઉ પાલીતાણે ગયો હતો. મારી નાની ઉમરમાં બાપ કે કોઈ સગું નહી જેથી મને પાલીતાણાની સંસ્થામાં રાખ્યો નહી. હું નારાજ થઈ મારા વતન ગયો, જ્યાં સુભાગ્યે મને આ સંસ્થામાં દાખલ થવા તક મળી, તેજ અરસામાં ભુખ્યા અને ખોટી લાલચમાં સપડાઈ જઉં તેવા મને જો કોઈ ખ્રિસ્તી અગર આર્યસમાજી ફસાવી લઈ ગયો હોત તો મારા આત્માની શું સ્થિતિ થાત માટે મારી જેવા ગરીબ દુઃખી સ્થિતિમાં સપડાયેલાઓના હિત માટે જૈન કોમે એક "જૈન આશ્રમ" કાઢવાની ખાસ જરૂર છે. મારા જેવા આવી સંસ્થાના અભાવે જુદી જુદી કેટલીએક સંસ્થાઓમાં પોતાનો નિર્વાહ કરતા હશે તે જૈન કોમે વિચાર કરવા જેવું છે. આપણી બેદરકારીના અંગે કેટલાએક ખ્રિસ્તી, આર્યસમાજી અને મહાત્મા ગાંધીના આશ્રમ જેવી સંસ્થાઓમાં દાખલ થયા હશે, જે માંહેનો લાલા લજપતરાયનો દાખલો એક બસ છે. હજુ પણ જૈન કોમ ચેતશે નહી તો ભુખ અને દુઃખથી પીડાએલાઓ હાલની કહેવાતી સુધરેલી અન્ય સંસ્થાઓમાં દાખલ થઈ અન્ય ધર્મના સંસર્ગના પ્રતાપે જૈન હોવા છતાં જૈન ધર્મથી વિમુખ બનશે.'

ચુનીલાલ નાગરદાસ ધોલેરાવાળા.
વઢવાણ કેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રમાદ.

( ૨ )

**પ્રકરણરત્નાકર ભાગ ૩** નામની બુકમાં પ્રવચનસારોદ્ધાર ગ્રંથ છપાયેલ છે. તેના પૃષ્ટ ૪૫૩ ઉપર પ્રમાદના આઠ ભેદ બતાવ્યા છે. ગયા લેખમાં પાંચ પ્રકારના પ્રમાદનું સ્વરૂપ જોઇ ગયા, તેનાથી આ આઠ પ્રકાર કેવળ જુદી રીતના છે. આ આઠ પ્રમાદ એ દોષ છે અને તે આત્માને ઉન્નતિક્રમમાં આગળ વધતાં અટકાવનાર છે. પ્રમાદનું સૂક્ષ્મ સ્વરૂપ અને તેના ભેદોનું જ્ઞાન આપણને જેમ જેમ થશે તેમ તેમ આત્મા શા કારણથી ઉન્નતિક્રમમાં આગળ વધી શકતો નથી તેના કારણો આપણા લક્ષમાં આવશે. જે કારણો આત્મિક પ્રગતિને અટકાવનાર છે તે કારણોનો નાશ કરવાને આપણે પ્રયત્ન કરીશું તો સહજ સ્વભાવથી પ્રગતિ થવાની અનુકૂળતા થશે. તે આઠ પ્રમાદના નામ—

૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાત્વ, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ સ્મૃતિભ્રંશ, ૭ ધર્મને વિષે અનાદર, ૮ યોગનું દુષ્ટપણે પ્રવર્તન.

આ આઠ પ્રકારના પ્રમાદનું સ્વરૂપ જરા વિસ્તારથી વિચારવાથી આપણને બહુ ફાયદો થશે. નિશ્ચય નયની અપેક્ષાએ જીવ અનાદિ કાળથી કર્મોના સહવાસમાં રહેતો હોવાથી તે પોતાનું સ્વરૂપ ભુલી ગયો છે. પોતે કોણ છે? અને પોતાનું શુદ્ધ સ્વરૂપ શું છે ? એ વાતની જ્યારે તેને સચોટ ખાત્રી થાય છે અને કર્મોના સહવાસને લીધે અનાદિ કાળથી સંસાર ભ્રમણ કર્યા કરે છે, તે સંસારભ્રમણનાં કારણો શું છે તે સમ્યગ્ જ્ઞાન અને સત્ સમાગમથી તેના જાણવામાં આવે છે, ત્યારેજ તેને અંશે આત્મજાગૃતિ થાય છે. એ આત્મજાગૃતિ એજ સર્વથા અપ્રમત્ત દશા પ્રાપ્ત કરવાનું પહેલું પગથીયું છે. આપણે જે આઠ પ્રમાદનું સ્વરૂપ જાણવા પ્રયત્ન કરીએ છીએ, તે આઠ અથવા તેમાંના એક એક આત્માને આત્મજાગૃતિમાં અટકાવનાર છે; છતાં અનાદિ કાળથી તેમના સહવાસમાં રહેવાથી જીવને પોતાની ભૂલ જણાતી નથી.

૧ અજ્ઞાન—મૂઢપણું. આને લીધે જીવ લાભાલાભ યાને હિતાહિત સમજી શકતો નથી. કોઇ પણ જીવને પોતે અજ્ઞાન છે અથવા પોતામાં મૂઢપણું રહેલું છે, સમજી શકાતું નથી. એ અજ્ઞાન જ્ઞાનીઓ જોઇ શકે છે. તેમજ જ્ઞાનીઓના સહવાસમાં આવ્યા પછી જીવને કાંઇ અંશે તેનું સ્વરૂપ સમજાય છે. આત્મજાગૃતિની વાતને આપણે બાજુ ઉપર મેલીએ અને બીજી રીતે આ મૂઢપણાનો વિચાર કરીએ તો તરત આ દોષ પ્રત્યેક જીવમાં કેવી રીતે ઘર કરી રહેલો છે તે જણાઇ આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુવ્યસન, અભક્ષ્ય ખાનપાન, અને ખરાબ સોબતને લીધે અનેક પ્રકારના વ્યાધિઓના સપાટામાં જીવ આવે છે, તે વ્યાધિના નિવારણની દવા આપતાં પહેલાંજ વૈદ્ય અથવા દાકતર જે કારણોથી રોગ જન્મ પામ્યો છે, તે કારણો ન કરવા ખાસ સૂચના આપે છે, અને તે કારણો છોડવામાં નહિં આવે ત્યાં સુધી દવા બરાબર ફાયદો આપશે નહિ, એમ દરદીના ધ્યાન ઉપર આણે છે, છતાં મૂઢપણાને લીધે દરદીના ધ્યાનમાં તે વાત ઉતરતી નથી. દાકતર કે વૈદ્યની સલાહને તે માન આપતો નથી. દવા ખાય છે, અને થોડા દિવસમાં દવાથી ફાયદો થતો નથી તે વખતે દાકતર અથવા વૈદ્યના દોષ જુએ છે, પણ પોતાનો દોષ તે સમજી શકતો નથી. આ મૂઢપણું નહિં તો બીજું શું કહેવાય? એજ પ્રમાણે જીવ જે જે પાપાચરણોને લીધે પોતે અનંત કાળથી સંસારમાં રઝળ્યા કરે છે, તે તે પાપાચરણોમાં ઘટાડો કરી ગૃહવ્યાપારમાંથી થોડો પણ વખત આત્મિક ઉન્નતિને માટે કાઢવા–દિવસ અને રાત્રિના મળી ચોવીશ કલાકમાંથી એક અથવા અડધો કલાક પણ એ ખાતે કાઢવા તેને સૂચના કરવામાં આવે છે, તે વખતે પોતાને ફુરસદ નથી, વખત નથી, વિગેરે બ્હાના બતાવી જાણે પોતાની હુશીયારી બતાવતો હોય એમ તેને લાગે છે. પણ આવી રીતે જીવન પૂરૂં કરી આ જન્મ નિરર્થક ગુમાવ્યા જેવું થશે એ વાત લક્ષ્યમાં આવતી નથી. જૈન શાસ્ત્રકારોએ ગૃહસ્થ ધર્મના અંગે ન્યાય વૈભવ યાને ન્યાયોપાર્જીત દ્રવ્યને ઘણું મહત્વ આપેલું છે. ન્યાય વૈભવ અને ન્યાયોપાર્જીત દ્રવ્યથી ગૃહસ્થ જીવન સુધરે છે, એટલુંજ નહિ પણ ક્રમે ક્રમે ઉન્નતિ પામે છે, ધર્મકાર્યની અંદર પણ ન્યાયોપાર્જીત દ્રવ્યનીજ મુખ્યતા છે. અન્યાયોપાર્જીત દ્રવ્ય ધર્મકાર્યની અંદર ખર્ચવામાં આવે તેથી તેને આત્મિક લાભ પ્રાપ્ત થશે કે કેમ એ ભજના છે, જ્યારે તેજ ધાર્મિક કાર્યમાં તેનાથી અલ્પાંશે પણ ન્યાયોપાર્જીત દ્રવ્યનો ભાવપૂર્વક વ્યય કરવામાં આવે તો તેને જરૂર પુણ્યાનુબંધી પુણ્યના બંધનું કારણ થશે અને તેજ પુણ્યાનુબંધી પુણ્ય અનુક્રમે તેને આત્મગુણ વૃદ્ધિમાં સહાયક થશે, એમ જ્ઞાનીઓનું કથન છે. ઇત્યાદિ વાતો વારંવાર મહાત્મા મુનિઓ આપણા ધ્યાન ઉપર આણે છે, છતાં આપણે તે ઉપર ઉપેક્ષા બુદ્ધિ ધારણ કરી વ્યવહાર શુદ્ધિ તરફ લક્ષ આપતા નથી. તો પછી એને પણ મૂઢપણાની કોટીમાં કેમ મૂકી શકાય નહિ? એ પણ પ્રમાદ છે.

૨ **સંશય**—કોઈ પણ વાતનો બુદ્ધિપૂર્વક નિર્ણય નહિ કરતાં હમેશ મનને સંશયયુક્ત રાખવું. વિચાર કરવાનો વિષય ધાર્મિક કે વ્યવહારિક ગમે તે હો, તેની બન્ને બાજુ તપાસી કઇ બાજુ આદરણીય, યાને અંગીકાર કરવા લાયક છે તેનો નિર્ણય કરવો જોઇએ. જો નિર્ણય કરવામાં ન આવે તો પછી એકે બાજુનો સ્વીકાર થશે નહિ, એટલુંજ નહિ પણ જીવનમાં કોઈ પણ કાર્ય સારી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનાથી થઇ શકશે નહિ. સંશય યુક્ત જીવન મુંઝાવી નાખનારૂં છે. કઇ વાત સાચી છે? કયું કાર્ય કરવું? એનો નિર્ણય સ્વબુદ્ધિ અનુસાર કરતાં શીખવું જોઇએ. ભલે નિર્ણય ભૂલ ભરેલો હોય તો હરકત નહિ. જે માણસ પોતાની બુદ્ધિથી કોઇ વાતનો નિર્ણય કરવાનું શીખશે તે નિર્ણય ભૂલ ભરેલો હશે તો પણ તે વાત તેના લક્ષ ઉપર આવતાં ફરી તે તેને સુધારવા પ્રયત્ન કરશે. પણ જે કંઇ પણ નિર્ણય કરી શકશે નહિ તેનાથી જીવનમાં કંઇ પણ કાર્ય થઇ શકવાનું નથી. આ વાત વારંવાર ધ્યાન ઉપર લાવવાનું કારણ એ છે જે જીવન સંશય યુક્ત નહિ ગુજારતાં કોઇ પણ ધોરણસર જીવન ગુજારવું જોઇએ. સંશયયુક્ત જીવન એ તો ખરેખર પ્રમાદ છે એ વિચાર કરવાથી આપણી ખાત્રી થાય છે.

૩ મિથ્યાત્વ—અનાદિ કાળનો જીવ મિથ્યાત્વના સહવાસમાં રહેલો છે. મિથ્યાત્વના સહવાસને લીધે તે પુદ્ગલાનંદી બની ગયો છે. તેને આત્મહિત અથવા આત્મઉન્નતિ જેવા વિષયો ગમતા નથી, એટલુંજ નહિ પણ તેવી વાતો પણ સાંભળવી ગમતી નથી. સત્ય દેવ ગુરૂ અને ધર્મનું ઓળખાણ તેને થતું નથી. ધર્મ જેવો વિષય કંઇ છે નહિ એમ તે પોતાની માન્યતા મુજબ માની લે છે. કુદેવ કુગુરૂ કુધર્મ તેને પ્રિય લાગે છે. મિથ્યાત્વના ઘણા ભેદો છે. તે સમજવા જેવા છે. વાસ્તવિક તો આત્મોન્નતિના ઇચ્છકે પ્રથમ મિથ્યાત્વનું સ્વરૂપ સમજી પોતાની જાતમાંથી અને પોતાના કુટુંબમાંથી મિથ્યાત્વ કાઢવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેઓ મિથ્યાત્વનો ત્યાગ કરે છે તેઓજ જૈન ધર્મના આરાધક થવાની યોગ્યતાવાળા થાય છે.

૪-૫ રાગ—દ્વેષ— જીવને અષ્ટવિધ કર્મબંધનાં જે કારણો બતાવવામાં આવેલા છે તેમાં રાગ અને દ્વેષ એ મૂળ છે. જ્યાં રાગ દ્વેષ છે ત્યાં કષાય છે, અને જ્યાં કષાય છે ત્યાં રાગ દ્વેષ છે એમ અરસપરસ કાર્ય કારણ ભાવે તેઓ રહેલા છે. આપણે અહિં જે વિચાર કરવાનો છે તે પ્રમાદના અંગે વિચાર કરવાનો છે. પ્રશસ્ત રાગ દ્વેષ કયા પ્રસંગે અનુકરણીય છે એ વાતનો વિચાર અત્રે કરવાનો નથી. જીવનો જે અપ્રમત્ત સ્વભાવ છે તેને પ્રગટ થતો અટકાવવામાં પ્રશસ્ત અથવા અપ્રશસ્ત બન્ને પ્રકારમાં કાંઇ ભેદ પડતો નથી. જ્યારે સર્વથા એના ઉપર આપણે જીત મેળવીશું ત્યારેજ આપણે આપણું મૂળ સ્વરૂપ પ્રગટ કરી શકવાને સમર્થ થઇશું એમ જ્ઞાનીઓનું કથન છે. એ સર્વાશે સત્ય છે તેથી અંશે અંશે પણ તેને ઘટાડવાનો પ્રયત્ન કરવો એ આપણી ફરજ છે.

૬ સ્મૃતિભ્રંશ—યાદદાસ્ત શક્તિની નબળાઇ એ તો ખરેખર નુકશાનકર્તા છે. જ્ઞાન મેળવવામાં અને મેળવેલું જ્ઞાન ટકાવી રાખવામાં યાદદાસ્ત શક્તિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી જરૂર છે. સ્મૃતિભ્રંશ દોષ વ્યવહારમાં પણ પગલે પગલે નુકશાન કરે છે, તો પછી આત્મહિત જેવા ગહન વિષયમાં તે કેટલું નુકશાન કરે તે માપી શકાય તેમ નથી. મતિજ્ઞાનનો પાંચમો ભેદ ધારણા છે; એ ધારણા ગુણ આ દોષવાળામાં પ્રગટ થઇ શકે નહિ ને તેથી તે આત્મહિતનું ઘણું નુકશાન કરે એ સ્વાભાવિક છે.

૭ ધર્મને વિષે અનાદરપણુ--ધર્મ એ મનુષ્ય જીવનમાં ઉપયોગી વિષય છે, એવી કેટલાકની માન્યતા નથી, ઉલટું મનુષ્યને ઉંચ કોટીમાં ચઢતાં તે હરકતકર્તા છે એમ કેટલાક માને છે. અહિં તેવા જીવો કેવી રીતે ભૂલ કરે છે તે આપણે તપાસીએ. એકંદર વ્યવસ્થા જોઇએ તો ઘણા ભાગે એવી સમજુતી થયેલી જણાય છે કે, મનુષ્યભવમાં કુટુંબપોષણ અને ધનપ્રાપ્તિ માટે બને તેટલો પ્રયત્ન કરવો, કુટુંબને અંગે જે જે કાર્ય કરવાનો પ્રસંગ આવે તે વખતે સારી રીતે વરતી પોતે જે સમાજના સહવાસમાં રહેતો હોય તે સમાજમાં સારો, આબરૂદાર અને વજનદાર ગણાવા ખાતર બને તેટલો જમણવાર અને મોજશોખને અંગે ખર્ચ કરવો, લોકો સારા માણસની ગણત્રીમાં ગણે અને વખાણ કરે એટલે જીવન સફળ થયું માનવું. એ સિવાય વધુ કાંઇ કરવાનું છે, અને તે કરવાની પોતાની ફરજ છે, એવી માન્યતાવાળા ગણત્રીના માણસોજ મળી આવશે. જનસમાજની સામાન્ય વ્યકિતઓ કરતાં પોતે અધિક છે, અગર પશુ પક્ષી અને તિર્યંચ જાતિના જીવો કરતાં મનુષ્ય ભવ પ્રાપ્ત થવામાં કાંઇક હેતુ રહેલો છે એની કલ્પના સુદ્ધાં ધ્યાનમાં આવતી નથી. તેઓ ધર્મના વિષયમાં બેદરકાર રહે છે, એટલુંજ નહિ પણ ધર્મના વિષયમાં પડેલા અથવા ધર્માનુષ્ઠાનમાં જીવન ગાળનારાની નિંદા કરવામાં પણ બાકી રાખતા નથી. ધન કમાવું, કુટુંબ પોષણ કરવું અને પાંચ ઇંદ્રિયોના વિષય ભોગવવા એજ મનુષ્ય જીવનનું કર્તવ્ય મનાય છે, ને તેજ કારણસર ધર્મ જેવા ગહન વિષયમાં બેદરકાર જોવામાં આવે છે. આ પ્રમાદ મનુષ્ય જીવનમાંથી અધઃપતન કરનારો છે. મનુષ્ય જીવનને અંશે કિંવા સર્વાંશે સફળ કરવાની ધારણાવાળાએ ધર્મનું સ્વરૂપ અને ધર્માચાર સમજવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. જૈન શાસ્ત્રકારોએ ગૃહસ્થ ધર્મના અંગે જે વિચાર અને આચારો બતાવેલા છે, તે એટલા તો ઉત્કૃષ્ટ કોટીના છે કે વ્યવહાર માર્ગમાં–સમાજમાં તેનું આચરણ કરનાર બીજાઓ કરતાં સુખી જીવન ગુજારી શકે, એટલુંજ નહિ પણ આવતો ભવ પણ સુધારી શકે. દાન, શીળ, તપ, અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવેલો છે. એનું સ્વરૂપ સમજી દરેક માણસે પોતાની શકિત અનુસાર તે ધર્મનું પાલન કરવાને ઉદ્યમવંત થવું જોઇએ. તેજ પ્રમાદને જીતવાનો ઉપાય છે.

૮ યોગનું દુઃપ્રણિધાન—મન, વચન, અને કાયાને ખોટી રીતે દોરવવાં, એટલે મનમાં ખોટા વિચારો કરવા, ખોટી ભાષા બોલવી અને કાયાથી ખોટી આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચરણા કરવી એ પણ પ્રમાદ છે. મન, વચન અને કાયાને સારા માર્ગે દોરવવા એ ઉન્નતિનું કારણ છે.

આ આઠ પ્રકારના પ્રમાદ પ્રથમના પાંચ પ્રકારના પ્રમાદ કરતાં જુદા પ્રકારના છે. એ પ્રમાદ આપણા હિતને નુકશાન કર્તા છે, માટે તેનો ત્યાગ કરવાને માટે પ્રયત્ન કરવો એ ખાસ ફરજ છે. આ આઠ પ્રકારના પ્રમાદના ત્યાગથી આપણે આપણું મૂળ સ્વરૂપ શું છે તે સમજવાને શક્તિવાન થઇશું. આ દોષનો ત્યાગ કરવાને માટે પ્રથમ અભ્યાસ શરૂ કરવાની જરૂર છે. અભ્યાસની શરૂઆત પછી હમેશ તેના ઉપર લક્ષ આપી અભ્યાસ જારી રાખવાથી એ દોષનો નાશ કરવામાં આપણને બહુ મહેનત પડશે નહિ. એના અભ્યાસથી ગૃહજીવનના એક પણ કાર્યને હરકત પહોંચવાની નથી. ઉલટું ગૃહકાર્યમાં જે દોષ વિશેષ લાગતા હશે, તે દોષ કમતી થઇ અલ્પ દોષથી કાર્ય થઇ શકશે. મ્હારી વાંચક વર્ગને પ્રાર્થના છે કે, શાસ્ત્રકારોએ જે પ્રમાદના ભેદો આપણને બતાવેલા છે, તે ભેદોનું સ્વરૂપ હમેશ લક્ષ્ય ઉપર રાખી જીવન ગુજારવા પ્રયત્ન કરશો તો કંઇને કંઇ અંશે વ્યાવહારિક અને આત્મિક ઉન્નતિ જરૂર કરી શકશો.

નોટ—અંક ત્રીજામાં મારા લખેલા પ્રમાદના વિષયમાં મેં તેના પાંચ પ્રકારો પૈકી પેલો પ્રકાર **મદ્ય** ને બદલે **મદ** લખી તેના આઠ પ્રકાર જણાવ્યા છે, તેને બદલે **મદ્ય** એટલે મદિરાદિક માદક પદાર્થોનું સેવન સમજવું.
નંદલાલ લલુભાઇ વકીલ.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

ભાવનગરમાં બહુ આનંદથી પર્યુષણ પર્વ પસાર થયા હતા. કેટલાક આગેવાન ગૃહસ્થોની ઉદારતાથી ઘી, ગોળ, સાકર, તેલ વિગેરે જરૂરીઆતની વસ્તુઓ સર્વ જૈન બંધુઓને સસ્તા ભાવથી પુરી પાડવામાં આવી હતી, તેથી ઘણા જૈન બંધુઓને રાહત મળેલી હતી. પર્યુષણ પર્વમાં સુપન, ઘોડીઆ પારણા વિગેરેની ઉપજ પણ સારી થઇ હતી. તપસ્યા સમયાનુસાર સારી થઇ હતી. ભાવનગરના મર્હુમ મહારાજાએ રાજ્ય તરફથી કેટલીક ઉપયોગી વસ્તુઓ વરઘોડામાં અપાતી હતી તે કેટલાક કારણોને લીધે બંધ કરેલ હતી, પણ રા. પટણી સાહેબની મહેરબાની અને સ્ટેટ કાઉન્સીલના હુકમથી કાંઇ પણ નકરો લીધા વગર ધાર્મિક વરઘોડાઓમાં, નગારૂં નીશાન, હાથી, હાથીનો હોદ્દો, તાવદાન, ગાડીઓ વિગેરે આપવાની પરવાનગી મળી હતી. લગભગ છ વરસની બંધી પછી આ હુકમ મળવાથી વરઘોડા બહુ શોભા સહિત નીકળ્યા હતા. દેવ-દ્રવ્ય સંબંધી ઘોડીયા પારણાનું અને સુપનનું ઘી કયે સ્થળે લઇ જવું તે સંબંધમાં અત્રેના યુવકમંડળે ચર્ચા ઉત્પન્ન કરી હતી, પણ તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇ પણ નિર્ણય થઇ શકયો નહોતો. જૈન બંધુઓનો મોટો ભાગ જે પ્રણાલીકા ચાલે છે તેજ પ્રણાલીકા કાયમ રાખવાના મતવાળો દેખાતો હતો. મોટા શહેરના સંઘો આ બાબતમાં કાંઇ પણ નિર્ણય ન કરે ત્યાંસુધી કાંઇ પણ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી તેવો વિચાર દર્શાવાયો હતો. સ્વામીવાત્સલ્ય પારણાને દિવસે આનંદથી જમ્યું હતું, અને પર્યુષણની અઠ્ઠાઇ પૂર્ણ થઇ હતી. આવા શુભ દિવસો પૂર્ણ પુન્યના યોગેજ પ્રાપ્ત થાય છે. ધર્મકાર્યમાં, તત્પ્રાયોગ્ય કરણીમાં તે દિવસો પસાર કરી તે દિવસોનો લ્હાવો લેનારા પુન્યશાળી જીવો પ્રશંસાને પાત્ર છે.

* * * *

અમને મળેલા સમાચાર પ્રમાણે પાલીતાણામાં આ પર્વના દિવસો બહુજ આનંદથી, શાસનની શોભામાં બહુજ વૃદ્ધિ થાય તેવી રીતે, અનેક જાતની તપસ્યાઓ-પ્રભાવનાઓ સહિત પસાર થયેલા છે. આચાર્ય શ્રી સાગરાનંદ સૂરીશ્વરજીએ આ ચોમાસાની વાંચના પાલીતાણે રાખેલ હોવાથી ઘણા મુનિ મહારાજા અને સાધ્વીજીઓથી આ ક્ષેત્ર નિવાસિત થયેલ છે. વાંચનાનું કાર્ય બહુ સુંદર ચાલે છે. વાંચનામાં ભગવતીજી અને પન્નવણાજી હાલમાં વંચાય છે. વાંચનાનો દેખાવ આકર્ષક, આલ્હાદ ઉપજાવે તેવો, પૂર્વના સમયની સ્મૃતિ કરાવે તેવો છે. અનેક મુનિ મહાત્માઓ એકઠા થઇ-ચર્ચા કરે છે. આવી રીતે સાધુસમુદાયના પ્રસંગથી પર્યુષણ ઉપર શ્રાવક બંધુઓની હાજરી સારી સંખ્યામાં પાલીતાણા ક્ષેત્રમાં થયેલ હતી. ચોમાસું કરવા ઘણાં ગૃહસ્થો આવેલ છે અને પર્યુષણ કરવા પણ ઘણા ગૃહસ્થો આવ્યા હતા. આ શુભ પ્રસંગે પાલીતાણે સોના રૂપાનો રથ આવતા તેના પ્રવેશમહોત્સવમાં, ઘોડીયાપારણા તથા સુપનના ઘી વિગેરેમાં બહુ સારી ઉપજ થઇ હતી. શેઠ નગીનદાસ કપુરચંદ ઝવેરી તરફથી કલ્પધરને દિવસે વ્યાખ્યાનમાં રૂપિયાની પ્રભાવના થઇ હતી, અને રૂ. ૧૦૦૧ થી કલ્પસૂત્ર બાબુસાહેબ જીવણલાલજીએ વહોરાવ્યું હતું. તે ઉપરાંત બીજી ઘણી પ્રભાવનાઓ થઇ હતી. તપસ્યા પણ બહુ થઇ હતી. એક સાધ્વીજીએ બે માસના ઉપવાસ કર્યા હતા, તદુપરાંત ૧ પાંત્રીશવાળા, વીશ એક માસી, ૧૦૫ પંદર અને તે ઉપરના તથા ૧૭૧ અઠાઈ અને તે ઉપરવાળાઓ. તે પ્રમાણે તપસ્યાઓ થઇ હતી. શેઠ પોપટલાલ ધારશી જામનગરવાળા કે જેઓ ચોમાસું કરવા રહેલ છે, અને બહુ ઉદારતાથી ધનવ્યય કરે છે, તેમના તરફથી પારણાને દિવસે સર્વ સ્વામી બંધુઓને પારણા કરાવવામાં આવ્યા હતા અને તપસ્વીઓની યથોચિત ભક્તિ કરવામાં આવી હતી. ધનપ્રાપ્તિનો આ સદ્વ્યય છે. સમયાનકૂળ ધનવ્યય કરવાની ઇચ્છા દેખાડનાર બંધુઓ પણ પાલીતાણા ક્ષેત્રમાં થયેલી ઉદારતા તથા થયેલ ધનવ્યયનાં વૃત્તાંત સાંભળી ચકિત થઇ જાય તેમ છે. સર્વ રસ્તે ધન વ્યય ઉત્તમ છે. ઇચ્છાનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાર ઉત્તમ માર્ગે ધન વ્યય કરનાર સર્વદા પ્રશંસા પાત્ર થાય છે. ધન વ્યય કરવાનો ઉપદેશ કરનાર પણ પોતાની પાસેનું ધન નહિ ખર્ચનાર, મમત્વનો–મૂર્છાનો ત્યાગ નહિ કરનાર કરતાં ધન વ્યય કરી પ્રાપ્તસંપત્તિનો લ્હાવો લેનાર ઘણો શ્રેષ્ઠ તથા પ્રશંસાને પાત્ર છે. જેમ ધર્મેચ્છાની વૃદ્ધિ થાય તેવી રીતે સમયાનુસાર ધનવ્યય કરવા દરેક બંધુને અમે સૂચના કરીએ છીએ.

* * * *

પર્યુષણમાં સંઘના મેળાવડાઓમાં વડોદરા, છાણી, સુરત, અમદાવાદ, ખંભાત, ડભોઇ વિગેરે સ્થળોએ દેવદ્રવ્ય માટે ચર્ચા ચાલ્યાના સમાચાર મળ્યા કરે છે. તે સર્વ સ્થળે જે પ્રણાલીકા ચાલે છે તેમાં કાંઇ પણ ફેરફાર નહિ કરવાના શ્રી સંઘ તરફથી ઠરાવો થયાનાં પત્રો આવેલા છે. દરેક સંઘે અને સંઘના આગેવાનોએ વિચારીને પગલાં ભરવાની જરૂર છે. ઉતાવળ કરવાની–ઉતાવળે નિર્ણય કરી લેવાની જરૂર નથી. દેવ–દ્રવ્યની દેવદ્રવ્ય તરીકે પણ ઘણી જરૂરીઆત છે. તે દ્રવ્ય મોટા પ્રમાણમાં એકઠું થયેલું કોઇ કોઇ સ્થળે માલુમ પડે છે, તેથીજ આવી ચર્ચા ઉત્પન્ન થઇ છે. બાકી ઘણે સ્થળે દેરાસરો સમરાવવા માટે, જીર્ણોદ્ધાર કરાવવા માટે, મૂર્ત્તિઓની આશાતના ટાળવા માટે, મૂર્ત્તિઓ જાળવવા માટે દેવ–દ્રવ્યના વ્યયની બહુ જરૂર છે. આવા સ્થળોએ આ સંચિત થયેલ દ્રવ્યનો ઉદારપણે વ્યય કરવા અમો આગેવાન ગૃહસ્થોને આગ્રહપૂર્વક વિનંતિ કરીએ છીએ. મારવાડ વિગેરે ઘણા સ્થળોએ આવા વ્યયની બહુજ જરૂર છે; તેવે સ્થળે દ્રવ્ય વપરાવાથી દેવ–દ્રવ્યનો સદુપયોગ થશે, અને સાચવવા લાયક મંદિરો, ઉત્તમ શિલ્પીની કારીગરીઓ સાચવી રાખી શકાશે.

* * * *

ભાઇ ‘ પરમાણંદ ’ તરફથી લખાયેલ એક રસપૂર્ણ ચર્ચાત્મક ‘ આધુનિક જૈનોનું ધર્મહીન ધાર્મિક જીવન ’ નામની લેખમાળા આ વરસથી આ માસિકમાં પ્રકટ થાય છે. હજુ તે લેખમાળા આ વરસના પ્રાંત ભાગ સુધી લગભગ લંબાશે. આ લેખ ખાસ જૈન કોમમાં તે તે વિષયો ઉપર ચર્ચા થાય અને યોગ્ય સુધારાઓ દાખલ થાય તેવા હેતુથી બહાર પાડવામાં આવે છે. કોઈ કોઈ સ્થળે સ્ફુટાર્થ માટે અમારા તરફથી નોટ આપવામાં આવે છે, તે ઉપરથી જે જે બાબતો ઉપર અમે નોટ નથી લખતા તે બાબતમાં અમારી પૂર્ણ સંમતિ ગણી લઈ તેની ચર્ચા થતી ઘણે સ્થળે અમે સાંભળી છે. દરેક બાબત ઉપર નોટ લખાયજ નહિ અને લખી શકાય પણ નહિ. અમે તે લેખમાં લખાતી બધી બાબતોને પૂર્ણ સંમતજ છીએ તેવી માન્યતા પણ ખોટી છે; પણ તે લેખમાળા ઉપરથી અમને એમ લાગ્યું છે કે જૈન કોમમાં આવા લેખોની–આવી ચર્ચાની ખાસ જરૂર છે. જે સુંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સભ્યતાવાળી શૈલીમાં તે લેખમાળા લખવામાં આવે છે તે પ્રશંસાને પાત્ર છે. તે લેખો ચર્ચા માટેજ છે, અને તેના ઉપર ચર્ચા થવીજ જોઇએ તેવી અમારી માન્યતા છે. તે લેખો ઉપર વિચાર દર્શાવવા અમે દરેક જૈન બંધુને આમંત્રણ કરીએ છીએ. અંગિત આક્ષેપ કે દ્વેષ ભાવથી તેવા લેખો નિરાળા હોવા જોઇએ તે લખવાની જરૂર નથી. આ લેખમાળાના નં-૩ માં લખાયેલ લેખમાંથી 'દેરાસરોમાં સ્તવનો કેવાં હોવાં જોઇએ' તેટલા લેખની જુદા કાગળ ઉપર ૫૦૦૦ નકલો બેંગ્લોરસીટીવાળા શેઠ ધનજીભાઇ ઝવેરચંદની ખાસ ઇચ્છાથી છપાવી બહાર પાડવામાં આવેલ છે. દરેક સ્થળે દેરાસરમાં એ લેખ ચોડી રાખવાની જરૂર છે. જે જે દેરાસરોમાં આ લેખ રાખવાની ઇચ્છા હોય તેના ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓ તરફથી લખાઇ આવશે તો તે લેખની કોપીઓ તેમને મોકલી આપવામાં આવશે.

* * * *

અમદાવાદથી ખબર મળ્યા છે કે મુનિરાજ શ્રી રામવિજયજીના સદપદેશથી ત્યાંના સકળ સંઘે હોટેલની ચા પીવાનો ત્યાગ કરવાનો ઠરાવ કરેલ છે.[1] દુકાને અગર ઘેર લાવીને જે કોઇ હોટેલની ચા પીએ તેનો સવા રૂપિયો દંડ ઠરાવવામાં આવ્યો છે, અને આ પ્રમાણે ચાલનારના ખબર આપનારને તેમાંથી અડધી રકમ આપવી તેમ ઠરાવવામાં આવ્યું છે. માણેકચોકમાં મોટી સંખ્યા સમક્ષ મહારાજશ્રીએ તે સંબંધમાંજ ભાષણ આપ્યું છે, જેની અસર બહુ સારી થઇ છે. બોટાદના મહાજન તરફથી પણ હોટેલની ચા ના નિષેધનો ઠરાવ કરવામાં આવ્યો છે. ચા મૂળજ વર્જવા લાયક વસ્તુ છે. પાચન શક્તિને ખોટી ઉત્તેજીત કરી એક જાતના તેમાં રહેલા ઝેરી તત્ત્વથી અંતે પાચન શક્તિને બગાડે છે. આ ઉપરાંત હોટેલની ચામાં તો બીજા ઘણા દુર્ગુણો છે. જૈન બંધુઓને તો આ ખાસ વર્જ્ય છે.. તેનું પાણી ગળવામાં આવતું નથી, દુધ વાસી-આગલા દિવસનું પણ વાપરવામાં આવે છે, વળી આગલે દિવસે વેચતાં ચા વધે તો તેનો પણ ભેગ કરવામાં આવે છે, ગમે તે જ્ઞાતિના ગમે તેવી વ્યાધિવાળા માણસોથી પીવાતાં કપરકેબીનો ઉપયોગ છુટથી કરવામાં આવે છે, અતિશય ઉકળેલી ચામાંથી તેનું ઝેરી તત્ત્વ પાચન શક્તિને વિશેષ બગાડે છે, આવાં અનેક હોટેલની ચાનાં દુર્ગુણો છે; તેથી દરેક સ્થળનાં જૈન બંધુઓએ અમદાવાદ તથા બોટાદ વિગેરેના સમુદાયના દાખલાનું અનુકરણ કરવાની ખાસ જરૂર છે. ચાનો અને તેમાં પણ હોટલની ચાનો પ્રચાર બહુજ વધી ગયો છે. તેનો અટકાવ થશે તો જૈન બંધુઓના આરોગ્યમાં વૃદ્ધિ થશે, ધર્મ સચવાશે, જ્ઞાતિનાં નિયમો સચવાશે અને દુધની છત

૧ આ સંબંધમાં અમદાવાદની અંદર શાંતિનાથની પોળ, જુનામહાજનવાડાની પોળ, નાગજી ભુદરની પોળ, ધનાસુતારની પોળના વેરાઇ પાડાના પંચ, વાઘેશ્વરની પોળ, કામેશ્વરની પોળ, શાહપુર યુવક મંડળ, મરકતી માર્કેટના વ્યાપારીઓ, માધુભાઇની મીલના નોકરો તથા સુરદાસ શેઠની પોળવાળાએ ઠરાવો કરેલા બહાર પડ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવાથી દુધ-ઘી વિગેરે જે જીંદગીના ટેકા માટે ખાસ ઉપયોગી વસ્તુઓ છે તેના ભાવ પણ સોંઘા થશે. દરેક જૈન બંધુએ ખાસ વિચાર કરી હોટલની ચા જેમ બને તેમ જલદીથી પડતી મુકી દેવાની અમારી વિનંતિ છે.

* * * *

મુનિરાજ શ્રી રામવિજયજી તરફથી " શ્રી માન્ ધર્મવિજયજીના વિચારની સમીક્ષા" તથા મુનિરાજ શ્રી આનંદ વિજયજી પન્યાસ તરફથી "દેવદ્રવ્ય પર શાસ્ત્રીય પ્રમાણોનું સર્ચ લાઇટ " તે નામની દેવદ્રવ્ય શાસ્ત્રીય પ્રમાણોથી કેવીરીતે સિદ્ધ થઇ શકે તે બાબતો ચર્ચતી દલીલોવાળી લગભગ સો-સો પૃષ્ટની બે બુકો બહાર પાડવામાં આવી છે. આ બંને બુકો લક્ષ્યપૂર્વક વાંચી જવા દરેક જૈન બંધુને અમારી વિનંતિ છે. શાસ્ત્રીય રીતે અનેક પ્રમાણો તેમાં આપવામાં આવ્યા છે. તે બંને બુકોમાં જે જે પ્રમાણો આપવામાં આવ્યા છે, શાસ્ત્રીય લાઇન ઉપર દલીલો ગોઠવવામાં આવી છે તે બધાનો વિસ્તારથી નોંધ લેવા જેટલી આ સ્થળે જગ્યા નથી, પરંતુ દેવદ્રવ્યની બાબતમાં કાંઇ પણ નિર્ણય કર્યા પૂર્વે તે બંને બુકો સાદ્યંત વાંચી જવાની દરેક જૈનબંધુને અમારી ખાસ ભલામણ છે. પર્યુષણ પર્વમાં બીજા પણ ઘણા હેંડબીલો વહેંચાયા છે, પણ તેમાં કોઈ કોઇ આક્ષેપક અને અમુક વ્યક્તિ કે સ્થળને અંગે લખાયેલા છે, તેથી તેની નોંધ લેવાની આવશ્યકતા નથી, પણ આ બંને પુસ્તકો તો યોગ્ય માર્ગે ચર્ચા કરનાર, દલીલો બતાવી આપનાર તથા શાસ્ત્રીય પ્રમાણો દેખાડનાર છે. આવી શૈલીથી થતી ચર્ચા પ્રશંસાને પાત્ર છે, તેવી ચર્ચાની ખાસ જરૂર છે, સમય ચર્ચાનો છે, અને ચર્ચાઈને જે વિષય નકી થશે તે વિશેષ આદરણીય થશે તેવી અમારી માન્યતા છે. કોઇપણ પક્ષે ખેંચાવાની અગર એકતરફ ઢળીજવાની જરૂર નથી. શાસ્ત્રીય ચર્ચાનો આ વિષય છે, શાસ્ત્રના જાણકારોના હાથમાં તે ચર્ચા આવેલી છે, તેઓ ચર્ચા કરે છે, તેવે સમયે આક્ષેપ શૈલીથી વચ્ચે આવનાર માણસ તો ઉલટો દોષિત થાય છે તેમ અમને લાગે છે.

* * * *

આસો માસમાં શ્રી નવપદ આરાધનાના નિમિત્તે આયંબીલની ઓળીનું પર્વ આવે છે. નવ દિવસ લંબાતી આ તપશ્ચર્યા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ કરનારી છે. શરદૃઋતુ તથા શિતૃઋતુના મધ્ય કાળમાં આવેલ આ પર્વમાં સ્નિગ્ધ પદાર્થોના ત્યાગથી શરીર સ્વચ્છ અને તંદુરસ્ત થાય છે. નવપદ મહિમાના અનેક વર્ણનો છે, તે તે દિવસોમાં વાંચતાં વિચારતાં અને તદ્યોગ્ય ક્રિયા કરતાં માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ થાય છે. એ પર્વમાં શ્રીપાળનો રાસ જે રસથી વંચાય છે અને જૈન કોમમાં સંભળાય છે તે નવપદજીના મહિમાના માહાત્મ્યનુંજ સૂચન છે. તે રાસમાં પ્રથમનાં ત્રણ ખંડો તો કથાનુયોગ પૂર્ણ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ચોથો ખંડ બહુ લક્ષ્ય પૂર્વક–વિચાર પૂર્વક–મનન પૂર્વક વાંચવાની જરૂર છે. નવપદજીનાં માહાત્મ્યની ખરી ખુબી તે વાંચતાં–વિચારતાં સમજાય તેમ છે. આ પર્વ ઉપરાંત આ માસમાં દીવાળી પર્વ ખાસ આરાધવા જેવું છે. ગુરૂ–શિષ્ય વચ્ચે કેવો પ્રેમ ભક્તિભાવ હોય તેનું જવળંત દ્રષ્ટાંત મહાવીર સ્વામી અને ગૌતમ ગણધર છે. અવિશુદ્ધ સ્નેહથી--પ્રેમથી ધ્યાનાર પણ અંતે ધ્યેયની કોટીમાં જાયછે તેનો અનુપમ દાખલો ગૌતમ ગણધર આપે છે. જે ભક્તિભાવથી, વિનીતતાથી, આર્દ્રતાથી ગૌતમ સ્વામીએ પ્રભુ નિર્વાણ પદ પામ્યાની ખબર પડતાં સ્તુતિ કરી છે તે વાંચતાં હૃદય દ્રવે છે, અને થોડાજ સમયમાં તે ભક્તિભાવ–પ્રેમ વૈરાગ્યના રંગમાં ફરતાં સંસારની અનિત્યતા–અસ્થિરતા સમજાય છે તે પ્રસંગ સંસારની અસ્થિરતાનો ખરો ખ્યાલ આપે છે. સંસારમાં કોઇ કોઇનું નથી, માતા, પિતા, પુત્ર, સ્ત્રી, સ્વજનાદિકનો સર્વ સંબંધ ખોટો અને પરિણામે દુઃખ આપનારજ છે. આ સત્ય હકીકત સમજાતાં છતાં પણ આચારમાં મુકાવી મુશ્કેલ છે, કોઇક ભાગ્યશાળીજ તેવી હકીકત આચારમાં મુકે છે. દીવાળી પર્વમાં થયેલ મહાવીર નિર્વાણ અને ગૌતમને કેવળજ્ઞાન શુદ્ધ પ્રેમની દિશા દેખાડનાર છે, તે સાથે સંસારની અનિત્યતા–એકત્વતા સૂચવનાર છે. દીવાળી પર્વ આરાધતાં આ વિષયો ખાસ ધ્યાનમાં રાખવાના છે. દીવાળીના દિવસો અન્ય આનંદમાં, સાંસારિક ખટપટોમાં, વ્યવહારિક પ્રપંચ જાળોમાં ગાળવા કરતાં આવી આત્મિક ઉન્નતિની દિશામાં વાળનાર સત્પુરૂષોના ગુણાનુવાદ કરવામાં અને ધર્માચરણમાં ગાળવાથી વિશેષ હિતાવહ, સુખપ્રદ અને પ્રાંતે મોક્ષપ્રદ થાય છે અને સંસારસમુદ્ર સહેજે તરી જવાય છે.

* * * *

મુંબઇમાં સ્થપાયેલ ' મહાવીર જૈન વિદ્યાલય ' નો પાંચમો વાર્ષિક રીપોર્ટ અવલોકનાર્થે અમને મળ્યો છે. સમયને અનુસરતી ખાસ ઉપયોગી આ સંસ્થાનો પાંચમો રીપોર્ટ વાંચતાં બહુ આનંદ થાય છે. સંસ્થાને લગતી તમામ હકીકતો તેમાં ટુંકાણમાં સમાવવામાં આવી છે. આ સંસ્થાનો આ વરસે ૪૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, અને તેમાંથી ૨૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામ બહુ સારૂં આવ્યું છે, ચોવીશમાંથી ૧૧ વિદ્યાર્થીઓ સેકન્ડ કલાસમાં આવ્યા છે. આ સંસ્થામાંથી આ વખતે નવ ગ્રેજ્યુએટ થયા છે, અને પાંચ વરસમાં કુલ ૨૧ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ્સ થઇને બહાર પડ્યા છે. ૪૫ વિદ્યાર્થીઓ પૈકી ૧૫ વિદ્યાર્થીઓ તો મેડીકલ લાઇનમાં અભ્યાસ કરનાર છે. આ લાઇન બહુ ખર્ચાળ છે, છતાં વિદ્યાલયનાં કાર્યવાહકો તે લાઇન ઉપર વિશેષ લક્ષ આપે છે તે પ્રશંસા પાત્ર છે. વિદ્યાલય માટે ગોવાળીઆ ટેંક ઉપર છ મકાનો વેચાણ લેવામાં આવ્યા છે, જેમાં રૂ.૨૨૧૦૦૦નો વ્યય કરવામાં આવ્યો છે, વિદ્યાલયને અનુકૂળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદર મકાન બાંધવા માટે બીજા બે લાખ રૂપિયાની જરૂર જણાવી છે, પણ હીસાબ ઉપરથી સીલીક હોય તેમ જણાતું નથી. શ્રીમંત જૈનોના ઉદાર આશ્રયની આ બાબતમાં ખાસ જરૂર છે. આ સંસ્થા માટે મકાનના પ્લાનનું વર્ણન રીપોર્ટમાં મુકવામાં આવેલ છે, તે વાંચવાથી જે યોજના મકાન માટે ધારી છે તે અમલમાં મુકાશે તો એક બહુ સુંદર અને ભવ્ય મકાન પ્રજાવના જૈનકોમ ભાગ્યશાળી થશે તેમ લાગે છે. રીપોર્ટ ઉપરથી બે પરદેશ અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીને સહાય આપી જણાય છે. વાર્ષિક ખર્ચ ૪૫ વિદ્યાર્થીઓ માટે લગભગ ત્રીસ હજાર રૂપિયા આવ્યા છે. મકાન ખરીદાયેલ હોવાથી ભાડું ભરવું પડ્યું નથી, તેથી ખર્ચ ઓછો જણાય છે. ધાર્મિક અભ્યાસમાં તત્ત્વાર્થ, ષડ્ દર્શન સમુચ્ચય અને જ્ઞાનસાર તથા 'જૈન દર્શન' ની બુક શીખવવામાં આવેલ છે, ધાર્મિક પરીક્ષાનું પરિણામ પણ સારૂં આવેલ છે. વિદ્યાર્થીઓમાં ભાષણશક્તિ ખીલે તે માટે સાપ્તાહિક પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, તથા કસરત અને વિદ્યાર્થીઓની રમત-ગમત વિગેરે ઉપર પણ ધ્યાન અપાય છે. એકંદર રીતે આખો રીપોર્ટ ખાસ વાંચવા લાયક તથા વિચારવા લાયક છે. મકાનો લીધેલ હોવાથી ફંડ સંબંધી સ્થિતિ સારી જણાતી નથી. જૈનકોમે આવી સમયને અનુસરતી અને ખાસ ઉપયોગી સંસ્થા માટે ઉદાર હાથે આશ્રય આપવાની જરૂર છે. આવી સંસ્થાઓ સ્થળે સ્થળે સ્થપાવાની જરૂર છે. કેળવણી વગર કોમનો ઉદ્ધાર થવાનો નથી, અને તે માટે આવા પ્રયાસો વગર ફળ મળે તેમ લાગતું નથી. અન્ય સ્થળે ધન વ્યય કરનારા જૈન બંધુઓએ આવાં ખાતાંઓ ઉપર વિશેષ લક્ષ આપવાની જરૂર છે.

* * * *

રીપોર્ટના પ્રાંત ભાગમાં જૈનબંધુઓ પાસે વિદ્યાલયના મકાન માટે ફંડની માગણી કરતાં તેના માનનીય સેક્રેટરી લખે છે કેઃ—" ચારે તરફ મહાપરિવર્તન ચાલે છે, ચારે તરફ ઉત્કર્ષ અને પ્રગતિના પ્રયાસો થતાં જણાય છે, સર્વ પ્રજાઓ, દેશો, કોમો, સમાજો; વ્યક્તિઓ ગંભીર વિચારમાં પડી ગઈ છે, તેમાં પણ સહૃદય અને વિશાળ દૃષ્ટિવાળી વ્યક્તિઓ બહુ વિચાર કરવા લાગી ગઇ છે, જીવન કળહ આકરો થતો જાય છે. એક પ્રાંત બીજા પ્રાંત સાથે સંબંધવ્યવહાર કરતાં અચકાતાં તે સ્થાને અત્યારે આખાં વિશ્વ સાથે ક્રય વિક્રય ચાલે છે, આખો ક્રમ ફરી જતો અનુભવાય છે, સેવ્ય સેવક ધર્મોના ખ્યાલો પણ ફરતા જોવાય છે. તે વખતે આપણે કટિબદ્ધ થવાની જરૂર છે, અનેક કર્તવ્યોની વચ્ચે સર્વથી મોટું કાર્ય ઉપાડવાનો આપણો પ્રયાસ છે અને અત્યારે તેને ખાસ કર્તવ્ય મુખ્ય માને છે. એ દિશાએ જેટલું કાર્ય બની શકે તેટલું કરવાના સાધનો આપણે એકઠાં કરી જઇએ તો સુંદર વારસો આપણી પ્રજાને આપીએ એવા અત્યારે સંયોગ છે. નિર્માલ્ય વિઘાતક ટીકાઓને કે ક્ષુદ્ર

For Private And Personal Use Only